Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

વીર સંદેશ

सव्वे पाणा पियाउया, सुहसाया दुक्खपडिकूला
अप्पियवहा जीविउकामा, सव्वेसिं जीवियं पियं ॥
(आचारांग २-३-८१)

બધા જીવોને પોતાનું જીવન પ્રિય છે, સુખ પ્રિય છે. તેઓ દુ:ખ ચાહતા નથી. કોઈ પણ ઇચ્છતું નથી. સૌ જીવવાની ઇચ્છા રાખે છે. તેથી સર્વ જીવોની રક્ષા કરવી જોઇએ.

પુસ્તક ૫૮
અંક ૬-૭

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ચૈત્ર-વૈશાખ
સં. ૨૦૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અ નુ ક્ર મ ણિ કા

૧	શ્રી મહાવીર જન્મકલ્યાણક ગીત	"રક્તતેજ"	૯૭
૨	પાનસર મહાવીર સ્વામીનું સ્તવન	મુનીશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ	૯૮
૩	વીરપ્રભુનું આમંત્રણ	શા. બાલચંદ હીરાચંદ	૯૯
૪	મહાવીરસ્તુતિ–જન્મદોહા	"વિ."	૧૦૦
૫	શ્રી વીર વંદન	મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ	૧૦૧
૬	શ્રી મહાવીરપ્રભુનું અદૃશ્ય સ્વરૂપ ક્યારે જોઈ શકાય ?	"વિ."	૧૦૨
૭	ભ. મહાવીરનો અનુપમ સત્યાગ્રહ		૧૦૪
૮	શ્રી મહાવીર જયંતિ અને ચૈત્રી પૂર્ણિમા	મુનિશ્રી લક્ષ્મીસાગરજી	૧૦૬
૯	અનેકાંત દૃષ્ટિ	શ્રી જયંતીલાલ ભાઈશંકર	૧૦૭
૧૦	ધ્રુવ અને અધ્રુવ	શા. બાલચંદ હિરાચંદ	૧૦૮
૧૧	પ્રભુદર્શન	બાપુલાલ કાળિદાસ સંઘાણી	૧૧૧
૧૨	ભ. મહાવીરના સમયનો એક બોધક પ્રસંગ	લે. અગરચંદ નાહટા	૧૧૩
૧૩	અહંકાર અને અહં	શ્રી માતાજી	૧૧૫
૧૪	નિષ્ઠાવાન સાથી	કાકા કાલેલકર	૧૧૯
૧૫	સ્વીકાર અને સમાલોચના		૧૨૦

૧ આ વખતનો "શ્રી આત્માનંદ પ્રકાશ"નો અંક ચૈત્ર-વૈશાકનો અંક ૬–૭ તરીકે પ્રસિદ્ધ થાય છે એટલે હવે પછીનો જેઠ માસનો અંક તા. ૧૫ જુનના રોજ પ્રસિદ્ધ થશે.

૨ જન્મજયંતિ મહોત્સવ—આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી મહારાજ)ના જન્મજયંતિ મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી ચૈત્ર સુદી ૧ શુક્રવાર તા. ૧૭–૩–૬૧ના રોજ રાધનપુરનિવાસી શેઠશ્રી સકરચંદભાઈ મોતીલાલભાઈ મૂલજી તરફથી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂ. ગુરુદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી તેમજ આ પ્રસંગે ભાવનગરથી સભાના સભ્યો પધાર્યા હતા અને સાંજના પ્રીતિભોજન યોજવામાં આવેલ હતું.

અવસાન નોંધ

૩ શા શાંતિલાલ પરશોતમ ભાવનગર મુકામે તા. ૨૭–૩–૬૧ સોમવારના રોજ થયેલ અવસાનની અમો દુઃખપૂર્વક નોંધ લઈએ છીએ તેઓશ્રીનો સ્વભાવ મીલનસાર હતો, તેઓશ્રી ધર્મપ્રેમી હતા, આ સભા પ્રત્યે પણ તેમને મમતા હતી તેમજ આજીવન સભ્ય હતા, તેમનો આત્મા ચિરસ્થાયી શાંતિ પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષમાવ્રતધારી પ્રભુ મહાવીર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૮ મું] ચૈત્ર-વૈશાખ તા. ૧૫-૪-૬૧ [અંક ૬-૭ મો

શ્રી મહાવીર જન્મ કલ્યાણક ગીત

મહાવીર પ્રભુએ જન્મ લીધો ને, પ્રાણી સર્વે હર્ષ્યા રે,
આ જગમાં દીપક પ્રગટ્યા ને, પ્રકાશ પુંજ વેરાયા રે....૧

ચૈત્ર શુદ તેરશને દિવસ, ઉત્તમ ગ્રહનું ઉત્તમ સ્થાન;
જગત પુણ્ય ઉદયની સાથે, ઉગ્યો વીર જિનેશ્વર ભાણ....૨

પિતા સિદ્ધાર્થ ને ત્રિશલા માતા, ઉત્તમ ગુણોની ખાણ;
નર નારી સૌ ભેગા મળીને, કરે છે તેના ઉત્તમ ગાન.....૩

શ્રી વીર પ્રભુએ જન્મી, જગમાં પ્રસરાવ્યો ઉત્તમ સંદેશ;
વિશ્વશાંતિનો ધ્વજ પણ તેથી, લહરાયો બહુ દેશવિદેશ....૪

આત્મા ને આનંદ થયો ને, ફેલાયો સર્વત્ર **પ્રકાશ**;
વીરોત્સવ ઉજવીને આજે, આનંદ મંગળ ને ઉલ્લાસ.....૫

"રકતતેજ"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાનસર

મહાવીરસ્વામીનું સ્તવન

(રાગ—રખીયાં બંધાવો ભૈયા)

આવો અનેરા સ્વામી, શિવ ગતિ ગામી રે. (ટેક)

મહાવીર આપ છો મ્હારા, ચરણે પ્રણમું ત્હારા;
રાગ દ્વેષ આપે છોડયા, કર્મોથી ન્યારા રે.—આવો૦ ૧

આપ અણગારી અનેરા, ટાળો ભવભવના ફેરા;
નામી છો આપ નગીના, ભ્રમણાઓ વામી રે.—આવો૦ ૨

મનના માલીક છો મ્હારા, પ્રેમી પનોતા પ્યારા;
પાસ છો કરૂણા કેરી, અંતર જામી રે.—આવો૦ ૩

સજ્જન કેરા છો સંગી, અવિચલ આતમરંગી;
અંગી કર્યા છે નામો, શિવસુખ કામી રે.—આવો૦ ૪

વિશ્વ ઋણી છે વીર તમારૂં, પાનસર તીર્થ લાગે પ્યારૂં;
મૂર્ત્તિ નિહાળી સુંદર, શુભ દિવ્ય નામી રે.—આવો૦ ૫

લક્ષ્મીસાગર છે ત્હારો, દિલડામાં અજિત ધારો;
આરો ન આપ વિના છે, અજર અનામી રે.—આવો૦ ૬

રચયિતા—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી
(પાનસર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીરપ્રભુનું આમંત્રણ

(મદિરા છંદ)

વીરપ્રભુ કહે જીવનપેઢી સંકેલી છે હવે અમે
ફરી અમારે નથી જન્મવું ફેરા કરવા નહીં ગમે
કંટાળો આવ્યો છે અમને જન્મ મૃત્યુનો ભવભવમાં
મરણ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૧

કર્મ અમારા ક્ષીણ થયા છે નવા ન કરશું હવે અમે
ભોગી લેશું એહ સર્વને અંતિમ યાત્રા છે અમને
અનાદિના ફેરા સહુ મૂકયા ચરમ જન્મ અમ આ નીમાં
મરણ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૨

લગની લાગી ચિદાનંદમય બ્રહ્મરૂપમાં જઇ રમશું
મુક્તિપુરીમાં વાસ અમારો ફરી ભવોમાં નહીં ભમશું
દુઃખ તણા દરીયા સુકાયા ખેદ રહ્યો નહીં અંતરમાં
મરણ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૩

આવો આવો! પ્રભુ કહે છે આમંત્રણ આપી રૂડુ
ચુકવી લ્યો સહુ નિજ નિજ લેણું આ તનથી જે હો કુડુ
ક્ષમાદાન અર્પીશું સહુને મુંઝાવું નહીં નિજ મનમાં
મરણ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૪

મુક્ત થઈ જે બ્રહ્મરૂપમાં જઇ વસ્યા છે ત્યાં જઇશું
સિદ્ધ અનંતા તીર્થપતિમાં એકરૂપ થઇને રહીશું
ઉપદેશામૃત સિંચન કીધું નિજ કર્તવ્ય ગણી જનમાં
મરણ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૫

બોધબીજ જે નિજ મનમાંહે શીઘ્ર વાવશે ભવિ પ્રાણી
નિશ્ચિત તે તરશે આ ભવનિધિ ટંકલિખિત છે જિનવાણી
જાગો જાગો પ્રભુ વદે છે વગડાવી ડિંડિમ નભમાં
મરણ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૬

સાદિ અનંતી સ્થિતિને વરશું અજરઅમર પરબ્રહ્મપદે
મહા-મંગલે મંગલ થઇશું પ્રાપ્ત કરીશું શાંતિ બધે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મ રજો સહુ ખરી પડ્યા છે શુદ્ધાત્મા; પ્રગટ્યો નિજમાં
મરણુ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૭

પુદ્ગલ આ સહુ નિજનિજ માર્ગે વિખરાશે એ અવનીમાં
તૂટ્યો સહુ સંબંધ અમારો સ્વાનંદે રમમાણુ રમા
એવા પ્રભુની ચરણુધૂલિને બાલેન્દુ ધારે શિરમાં
મરણુ અમારૂં મરી ગયું છે ફરી ન જન્મશું આ જગમાં ૮

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

શ્રી મહાવીર સ્તુતિ

હરિગીત

દૃઢ કર્મના જે છેદનારા ને વિશ્વના ઉપકારી જે,
જેનું ધરીને ધ્યાન સૌ સંસારી પામે સિદ્ધિને;
જેને સુરાસુરો નમે છે જે નાવરૂપ ભવાબ્ધિમાં,
તેવા પ્રભુ શ્રી વીરને વંદન કરું સદ્ભાવથી.

વિ.

મહાવીરં જન્મ–દોહા

જન્મ સમય જિનદેવ કે, જનપદ સુખિયા લોક
વાયુ સુખકારી ચલે, આનંદ મંગલ લોક. (૧)

ચૈત્ર શુક્લ તેરસ ભલી, ઋક્ષ ઉત્તરા જોગ;
મધ્યરાત્રી જિન જનમિયા, પૂર્ણ પુણ્યફલ ભોગ. (૨)

શાન્ત દિશા સબ દીપતી, ત્રિભુવન હુઆ પ્રકાશ;
છપ્પન દિશિ કુમરી ભલી, આઇ ચિત્ત હુલાસ. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વીર વંદન

સ્નેહે સ્નેહે સંભારૂં શ્રી ભગવાન વીરને વંદન કરીએ
વ્હાલું વ્હાલું મહાવીર તારૂં નામ તુજને વંદન કરીએ....ટેક

ચૈત્ર સુદી તેરશનો દહાડો ત્રિશલાની કુખે તું જાયો
ત્રણે ભુવનમાં વર્ત્યો જયજયકાર..વીરને વંદન કરીએ..સ્નેહે૦ ૧

દેવદેવી સૌએ હુલરાવ્યા મેરૂ પર પ્રેમે નવરાવ્યા
જેની ભક્તિ સહાયે અપરંપાર...વીરને વંદન કરીએ..સ્નેહે૦ ૨

માત પિતાની ભક્તિ કરવા ભ્રાતૃ પ્રેમને નહિં વિસરવા
ત્રીસે વરસે હંકાર્યું દીક્ષા વ્હાણુ....વીરને વંદન કરીએ...સ્નેહે૦ ૩

તપ જપ સંયમને બહુ પાળી કષ્ટ ઘણાંને નહિં ગણકારી
ઝગમગ જ્યોતિ સમ પામ્યા કેવળજ્ઞાન....વીરને વંદન કરીએ...સ્નેહે૦ ૪

જગકલ્યાણે જીવન ઝુકાવ્યું ભાન ભૂલ્યાને જ્ઞાન બતાવ્યું
મૈત્રી ભાવે ઉતાર્યા ભવજલપાર...વીરને વંદન કરીએ...સ્નેહે૦ ૫

અધમ ઉદ્ધારક ભવિજન તારક ગુણ અનંતાના જે ધારક
એવા વીરને વંદન. વારંવાર...વીરને વંદન કરીએ...સ્નેહે૦ ૬

વંદન કરીએ ભાવે સ્મરીએ ત્રિકાળ તારૂં ધ્યાન જ ધરીએ
લહીએ લહીએ આત્માનું સાચું સ્થાન...વીરને વંદન કરીએ...સ્નેહે૦ ૭

મુનિશ્રી લક્ષ્મીસાગરજી; વઢવાણ સીટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીર પ્રભુનું અદૃશ્ય સ્વરૂપ ક્યારે જોઇ શકાય?

અનુઃ—વિ. મૂ. શાહ

સંસારમાં પરિભ્રમણ કરનાર મનુષ્ય શ્રી મહાવીર પરમાત્માના અદૃશ્ય સ્વરૂપ જોઈ શકે? તેને જોવાની કોઈ અપૂર્વ શક્તિ આ જગતમાં વિદ્યમાન છે? પરમાત્માને મૂળ સ્વરૂપમાં જોવા સંભવિત ખરું? જેનામાં જગતના સઘળા પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેનું આશ્ચર્યકારક અસ્તિત્વ મનુષ્યની આંખ જોઈ શકે? દુનિયાના જે આશ્ચર્ય, સૌંદર્યો અને એવા બીજા દૃશ્યો કે જેના ઉપર માણસની આંખ ઠરી જાય છે તેમજ મહાન ચમત્કારિક દૃશ્યો કે જેના વિશે મનુષ્ય માત્ર કલ્પના કરી શકે છે તેથી શું પરમાત્માનું અદૃશ્ય સ્વરૂપ જોવાને માણસના ચર્મચક્ષુ શક્તિમાન થઈ શકે?

એક જાગૃત શ્રદ્ધાળુ આત્માની સર્વોત્તમ ક્રિયા માત્ર શ્રી મહાવીર પ્રભુના માહાત્મ્યને અનુભવી શકે છે. કોઈ પણ શ્રેષ્ટ મનુષ્યના આત્માનું અતિશય સુખ દરેક ક્ષણે વિચાર અને આચારમાં ઉન્નત થવા સિવાય બીજું શું હોઈ શકે? સ્વર્ગનું સુખ, પવિત્રતાનો આનંદ અને ઉચ્ચ મનુષ્યની ઉચ્ચતા અનુભવાય છે, પરંતુ શ્રી મહાવીર પ્રભુને તેના અદૃશ્ય સ્વરૂપમાં જોઈ શકાતા નથી. જેને કોઈ મનુષ્યે જોયા નથી, કોઇ જોઈ શકતો નથી એવું પરમાત્મ સ્વરૂપ અજર, અમર, અદૃશ્ય કહેવાય છે. ત્યારે શું મનુષ્યે પરમાત્માને જોવાની પોતાની ઈચ્છા દાબી દેવી જોઇએ? કોઈ શંકાશીલ કે દુઃખી મનુષ્ય તેમને જોવાની શું ઇચ્છા નહિ કરે? કોઈ એમ પણ બોલતા કે વિચારતા હશે કે મહાવીર પ્રભુ ખરા હોય તો એક ક્ષણવાર પ્રકટ થઇને મારી શંકાઓ, મુશ્કેલીઓ, દુઃખો દૂર કરી મને શાંતિ આપે. જેના હૃદયમાં પરમાત્મા પ્રત્યેનો પ્રેમ જાગેલો નથી, જેના આત્માની ફરતો સર્વત્ર અંધકાર વ્યાપી રહેલો છે તેવા લોકો એમ કહેતા સંભળાય છે કે મહાવીર પ્રભુને અમારે જોવા છે. આગળ જઇએ તો ત્યાં નથી, પાછળ હઠીએ છીએ તો ત્યાં પણ દર્શન થતા નથી. કેટલાક આસ્તિક લોકો એમ પણ વિચાર કરે છે કે દુનિયામાં જે નાસ્તિક મનુષ્યો છે, જેઓ પરમાત્માને તદ્દન ભૂલી જઇ તેના વચન તથા આજ્ઞાનું અપમાન કરે છે, તેના અસ્તિત્વને માટે શંકા લાવે છે ત્યારે મનુષ્યને એવી લાગણીભરી ઇચ્છા થઇ આવે છે કે મનુષ્ય પરમાત્માને જુએ અને પરમાત્મા એક ક્ષણવાર મનુષ્યની નજરે પડે અને મનુષ્યના અજ્ઞાન તથા દુષ્ટતા દૂર કરે તો કેવું સારું? પરંતુ આ બધું નકામું છે. શંકાશીલને ખાતરી કરાવવાને, નિરાશ થએલાને પ્રોત્સાહન આપવાને તે અજ્ઞાની-મૂઢ જનોને જાગૃત કરવાને પરમાત્મા આ જગતમાં કોઇપણ મનુષ્યની આંખે દેખી શકાય તેવી રીતે દૃશ્યમાન થઈ શકે નહિ. પરમાત્માનું સ્વરૂપ મનુષ્યને તેવી રીતે દૃશ્યમાન થાય નહિ તેના અનેક કારણો છે. જ્યાં સુધી માણુસ અજ્ઞાન, પાપ, મોહના પ્રદેશમાં વિચરે છે તેમજ દેવી શક્તિ પ્રાપ્ત કરવાને શક્તિશાળી થાય નહિ ત્યાં સુધી પરમાત્માને જોઇ શકાયજ નહિ. કોઇ શ્રેષ્ટ અને પવિત્ર મનુષ્ય જ્યારે પવિત્ર વિચાર-શ્રેણીના ઉચ્ચ પદ સુધી પહોંચે છે ત્યારે પણ મનુષ્ય-પણામાં તે પરમાત્માના અદૃશ્ય સ્વરૂપને જોઈ શકતો નથી. મહાવીર પ્રભુના સ્વરૂપને તો મહાવીર જેવા થાય તેજ મનુષ્યો જોઈ શકે. પરંતુ મનુષ્ય મનુષ્યપણામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઈ શકે જ નહિ. હવે જો કે મનુષ્ય પોતાની વર્તમાન સ્થિતિમાં પરમાત્માનું અદૃશ્ય સ્વરૂપ જોઈ શકતો નથી તો પણ મહાવીર પ્રભુનું જીવન પરમાત્માના અદૃશ્ય સ્વરૂપની ખાતરી આપશે જ. આ જગતમાં પરમાત્માને જોવા માટે આપણને યોગ્ય ગણવામાં કેમ નહિ આવ્યા હોય? તેનો વિચાર કરીએ. આ બાબત આત્મા સાથે સંબંધ ધરાવનારી હોવાથી તે ઇન્દ્રિયથી જોઈ શકાય તે અસંભવિત છે. વિકારી ઇન્દ્રિયોથી નિર્વિકારી સ્વરૂપનું અસ્તિત્વ જોઈ શકાય નહિ. તેટલા માટે શ્રી આદિનાથ પ્રભુના સ્તવનમાં કહેલું છે કે, "પ્રીતિ અનાદિની વિષ ભરી તે રીતે હો કરવા મુજ ભાવ, કરવી નિર્વિષ પ્રીતડી, કીણ ભાવે હો કહો મને એ બનાવ," કારણ કે અનાદિથી વિષ ભરેલી પ્રીતિ હોવાથી તે નિર્વિષ પ્રીત થાય ત્યારેજ પરમાત્માને જોઈ શકાય. જગતમાં ઘણા પોદ્ગલિક પદાર્થો એવા છે તેમજ કુદરતની એવી ઘણી શક્તિઓ કે જેને પોતાના સ્વરૂપે આપણે જોઈ શકતા નથી. જુદા જુદા આકાર અને રંગવાળા પદાર્થો આપણી આંખ જુએ છે, પણ તેમાંના કેટલાકમાં જે વિજળિક શક્તિ કામ કરે છે તે આપણે જોઇ શકતા નથી. જેને આપણે મન, હૃદય, આત્મા, કર્મ વગેરે કહીએ છીએ તેનું છુપાયલું સત્ય આંખે જોઇ શકાતું નથી. શરીર ધારણ કરી રહેલા દુનિયાના જીવોની સાથે આપણે રહીએ છીએ, તેઓની સાથે હંમેશનો સંબંધ રાખીએ છીએ તથા તેઓના ડહાપણ, બુદ્ધિ અને અસ્તિત્વની સાબીતી જોઇએ છીએ છતાં એક આત્મા બીજા આત્માને દૃશ્ય થતો નથી. ઇંદ્રિયોથી જે દેખાય છે તે આત્માએ ધારણ કરેલ કર્મજ નિત આકાર છે અને તે આપણને હમેશાં દૃષ્ટિગોચર થાય છે. અજ્ઞાની, દુષ્ટ, પાપી મનુષ્યના આત્માને પણ ચર્મચક્ષુથી જોઇ શકતા નથી, તો પછી સંપૂર્ણપણાને પામેલ પરમાત્માને તો મનુષ્ય શી રીતે જોઇ શકે? અનંત શક્તિવાળા મહાવીર પ્રભુ કે જેનો સ્વર્ગમાં પણ સમાવેશ થતો નથી (કારણ કે કર્મ સર્વથા નાશ પામેલ છે) તે મનુષ્યક્ષેત્રમાં શી રીતે દૃશ્યમાન થઈ શકે? અને કયું શારીરિક સ્વરૂપ તેના અનંતજ્ઞાનયુક્ત સ્વરૂપને ધારણ કરી શકે?

કર્મપરમાણુ પદાર્થોથી ભરેલું જગત પરમાત્માના અમર્યાદ મહત્વ આગળ એટલા માટે જ તુચ્છ ગણાય છે કે આ જગતના સૌંદર્ય ભરેલા બધા આકાર કરતાં વીર પરમાત્માનો મહિમા એટલી બધી અપૂર્વ શ્રેષ્ટતા અને સુંદરતાવાળો છે કે તે મનુષ્યોની કલ્પના-શક્તિથી કળી શકાતો નથી.

પરમાત્મા થતાં થતાં પ્રાણીને અનેક અવતાર ધારણ કરવા પડે છે. કર્મો ઓછાં કરવા તથા તોડવા, અનેક દુઃખો ધૈર્યથી સહન કરવા અનેક ભવોમાં ભ્રમણ કરવું પડે છે. પરમાત્મા થયા પછી આત્માને અવતાર ધારણ કરવો પડે તે વાત નદ્દા યુક્તિ વગરની છે એટલે પરમાત્મા કોઇ અસાધારણ શ્રેષ્ટ સુંદર સ્વરૂપમાં અહિં એવો અવતાર લે કે જે દૃશ્યમાન થઇ શકે તે કેવળ અયુક્ત જ છે.

હવે જ્યારે પરમાત્મા ચર્મચક્ષુથી ન જોઇ શકાય તો શું આંતરચક્ષુથી તેના દર્શન થઈ શકે કે કેમ? તેનો ખુલાસો એટલો જ છે કે પરમાત્માનું આત્મિક-સ્વરૂપ શાસ્ત્રજ્ઞાનથી જાણી શકાય તેમ છે. પરમાત્માનું પ્રતિબિંબ જેટલે અંશે આત્મામાં પડે તેટલે અંશે આત્મા પરમાત્માને જોઇ શકે છે અને જાણી શકે છે અને શાસ્ત્રકારના કહેવા પ્રમાણે આત્મા પણ નિશ્ચયનયે પરમાત્મા સ્વરૂપી હોવાથી જેટલે તેનું પરમાત્મ સ્વરૂપ પ્રકટ થાય તેટલે અંશે તે પોતાને પરમાત્મ સ્વરૂપે જોઇ શકે છે.

જો મનુષ્ય પરમાત્માને અંતરંગમાં જોવાની શક્તિ પ્રાપ્ત કરે અને સત્ય, સૌંદર્યમય પરમાત્માનું જ્ઞાન સહેલાઈથી પ્રાપ્ત કરે તો શાસ્ત્રમાં જે જ્ઞાનના ભેદનાં મુખ્ય તત્ત્વો કહેલાં છે તેનાથી પરમાત્માનાં દૃશ્ય સ્વરૂપનું પ્રતિબિંબ પાડી શકે છે. તે મનુષ્યની ભાષાના અપૂર્ણપણાથી બોલાય તે પહેલાં તથા જગતના નિયમોના ફેરફારનું જ્ઞાન ન થાય તે પહેલાં મનુષ્ય પરમાત્માના સ્વરૂપનું પ્રતિબિંબ જોઈ શકતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ. મહાવીરનો અનુપમ સત્યાગ્રહ

અનેક ઉપસર્ગોને વીરતાથી સહન કરીને વીર ભગવાને મહાવીરનું પદ મેળવ્યું છે. ઉપસર્ગ સહન કરવાની ભગવાન મહાવીરની અનોખી રીત છે. ગમે તેવા ઉપસર્ગોમાં પણ જરા પણ ગુસ્સો લાવ્યા વગર સંપૂર્ણ શાંતભાવે તે ઉપસર્ગોને સહી લે છે. એ રીતે તે સાચા ક્ષમાશ્રમણ કહેવાય. આ રીતે શાંતિ અને ક્ષમાભાવથી ઉપસર્ગો સહન કરીને તેમણે ઉપસર્ગો કરનારાનું પણ હિત કર્યું છે અને અનેકને સન્માર્ગે વાળ્યા છે.

એકવાર ભગવાન મહાવીર પેઢાંણા ગામમાં આવી પહોંચ્યા. ત્યાં પહોંચીને ભગવાન મહાવીર તો કાઉસગ્ગ ધ્યાનમાં ઊભા રહ્યા અને છમાસી તપની શરૂઆત કરી દીધી. આવી રીતે પૃથ્વી ઉપર એક તપસ્વીને ઉગ્ર તપ કરતા જોઈને ઇન્દ્ર મહારાજે દેવોની સભામાં ભગવાનની સહનશક્તિ અને તપસ્યાની પ્રશંસા કરી.

કેટલાક માણસોનો સ્વભાવ જ એવો હોય છે કે તેઓ બીજાની પ્રશંસા સાંભળી શકતા નથી એવા એક સંગમ નામના દેવને પણ ભગવાનની પ્રશંસા થતી સાંભળીને ઈર્ષા ઉપજી. તે વિચારવા લાગ્યો કે એવો કયો મૃત્યુલોકનો માનવી છે કે તેની પ્રશંસા આપણી દેવોની સભામાં કરવી પડે? શું એક કાળા માથાનો માનવી દેવો કરતા પણ ચઢી જાય? હું હમણા જ તે મૃત્યુલોકના માનવી પાસે જઈશ અને તેની કસોટી કરી તપોભંગ કરીશ.

નથી. બાહ્ય સ્વરૂપ અને છાયાથી માત્ર આગળ વધવાને, સત્યના પ્રકાશને ઉપર ઉપરથી જોવા તે જ નહિ પરંતુ જે પરમાત્માનું જ્ઞાન અનંત છે, સંપૂર્ણ છે અને જ્યાં જગતના દરેક પદાર્થ પ્રતિબિંબિત થાય છે તેના સત્ય સ્વરૂપને જોવાને જ્યાં પરમાત્મા રહે છે ત્યાં વાસ કરવા માટે શું કરવાની જરૂર છે તે વિષે મનન કરવું અને મહાવીર પરમાત્માએ જે રીતે સિદ્ધપણું પ્રાપ્ત કર્યું તે રીતે કરવાનો પ્રયત્ન કરવો. જગતના અનેક સૌંદર્ય પૂર્ણ દશ્યો જ્યારે જ્યારે આપણે જોઈએ છીએ ત્યારે ત્યારે અનહદ આનંદ થાય છે તો પછી પરમાત્મ સ્વરૂપમાં જગતમા સર્વ પદાર્થોનું પ્રતિબિંબ પડતું જોઈ શકીએ તો કેટલો સ્થાયી આનંદ થાય તેની કલ્પના કરવી. આને માટે શાસ્ત્રો કહે છે કે જે કર્મના પડદા ભવ્યાત્માને મહાવીર પ્રભુથી દૂર ને દૂર જ રાખે છે તે એક દિવસ પ્રયત્નોવડે ખેંચાઈ જતાં, આત્મશક્તિ જાગૃત થતાં, ઇન્દ્રિયોના વિકારો દૂર થતાં, મુક્ત થયેલો આત્મા સિદ્ધસ્વરૂપ પરમાત્મપદ પ્રાપ્ત કરશે. મહાવીર પ્રભુએ તેજ રીતે પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે અને જે આત્માઓ તેવી રીતે પરમાત્મપદ પ્રાપ્ત કરશે તેજ મહાવીર પ્રભુના અદશ્ય સ્વરૂપને જોઈ શકશે. જેમ જેમ હૃદયની પવિત્રતા થતી જશે તેમ તેમ મહાવીર પ્રભુનું સ્વરૂપ દશ્યમાન થતું જશે, કારણ કે તે જેવા છે તેવા જ સ્વરૂપથી આપણે તેમને જોશું. કહ્યું છે કે "તું પોતાને મૂળ સ્વરૂપે જાણ તો પરમાત્માને અવશ્ય જાણીશ."

ખરી રીતે કહીએ તો પરમાત્માના દર્શન એ ચર્મચક્ષુનો વિષય નથી તો પણ આત્મામાં એવી યોગ્યતા છે કે જો તેને સંપૂર્ણ રીતે ખીલવવામાં આવે તો મહાવીર પ્રભુના સ્વરૂપને જોવાને દરેક મનુષ્ય શક્તિમાન થઈ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવો વિચાર કરી તે ભગવાન જ્યાં કાઉસગ્ગ ધ્યાનમાં હતા ત્યાં આવ્યો. ભગવાન તો ત્યાં શાંત ભાવે ધ્યાનમગ્ન હતા. તેમને ધ્યાનસ્થ જોઇને ભગવાનને ધ્યાનભગ્ન કરવા માટે પ્રયત્નો આદર્યા. પહેલા તો પોતાની શક્તિથી ચારે બાજુ ધૂળ-ધૂળની વૃષ્ટિ કરી. દશે દિશાઓ ધૂળથી વ્યાપ્ત થઈ ગઈ. અનેક જીવો મરી ગયા. ભગવાનનું શરીર ધૂળથી ઢંકાઈ ગયું. આટલા ઉત્પાત છતા ભગવાન મહાવીર તો જેમના તેમ અચળ રીતે ધ્યાનમાં સ્થિર રહ્યા.

આ વખતે સંગમ દેવે નિષ્ફળ જવાથી વધારે આકરો પ્રયત્ન આદર્યો. તેણે માયા શક્તિથી ભયંકર ઝેરી સર્પ, વીંછી વગેરે જંતુઓને ઉત્પન્ન કરી ભગવાનના શરીર ઉપર છૂટા મૂકયા. આટલા પ્રયત્નો છતા ભગવાન મહાવીર ઉપર તેની કંઈજ અસર ન થઈ. તેમના મનમાં સંગમ માટે જરા પણ દ્વેષભાવ પ્રગટ્યો નહિ. તે તો શાંતિ અને ક્ષમાભાવથી બધા ઉપસર્ગો સહન કરી લે છે. આ રીતે છ મહિના સુધી સંગમે ભગવાનને હેરાનપરેશાન કરવાના ખૂબ પ્રયત્નો કર્યો.

જ્યારે આકરા પ્રયત્નો પ્રભુને ડગાવી શકયા નહિ ત્યારે સંગમે મહાવીરને ધ્યાનભગ્ન કરવા માટે લલચામણા ઉપાયો અજમાવવા શરૂ કર્યા. તેણે ભગવાનની સામે વસન્ત ઋતુની રચના કરી અને અનેક રૂપયૌવનાઓને પ્રભુની સામે ખડી કરી દીધી. એ યુવતીઓ પોતાના હાવભાવથી પ્રભુને લલચાવવા લાગી. પરંતુ તેમની બધી યુક્તિપ્રયુક્તિઓ નિષ્ફળ નીવડી.

આ રીતે સંગમ નિષ્ફળ જવાથી તેને ઘણી ભોંઠપ લાગી; પણ હાર્યો જુગારી બમણો રમે. તેણે વિચાર કર્યો કે ભલે તપશ્ચર્યા દરમીયાન હું તેમને હરાવી ન શકયો પણ તે ધ્યાનમાંથી મુક્ત બને પછી તો હું જરૂર તેમને હરાવી શકીશ.

હવે ભગવાનની છ માસની તપશ્ચર્યા પૂરી થઈ એટલે વહોરવા માટે તે ગોકુળ ગામમાં આવ્યા. પ્રભુ જ્યાં જ્યાં વહોરવા ગયા ત્યાં ત્યાં સંગમે તેમના આહાર પાણીને દોષયુક્ત બનાવી દીધા. ભગવાન તો દોષ રહિત આહાર પાણી ન મળવા છતા પહેલા જેવી જ શાંતિ અને ક્ષમા ભાવપૂર્વક સ્થિર રહ્યા. હવે તો ભગવાન મહાવીરના સત્યાગ્રહની પૂરી કસોટી થઈ. અંતે તેમની અચળતા, શાંતિવૃત્તિ અને સહનશક્તિએ તેમજ ક્ષમા વૃત્તિએ સંગમ જેવા પાષાણહૃદયીને પણ પલાળ્યો. તેનામાં ભગવાન મહાવીર પ્રત્યે ભક્તિભાવ જાગ્રત થયો અને ભગવાન પાસે આવી તેના ચરણોમાં પડી પોતે કરેલા અપરાધની ક્ષમા માગવા લાગ્યો.

ભગવાને એટલી જ ઉદારતાથી તેને ક્ષમા આપી ધન્ય હો ક્ષમાશીલ ભગવાન મહાવીરને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી મહાવીર જયંતિ અને ચૈત્રી પૂર્ણિમા

(ચૈત્ર શુ. ૧૩) **(ચૈત્ર શુ. ૧૫)**

લેખક :-**મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી જામલા**

શ્રી મહાવીર જયંતિ ચૈત્ર શુદિ ૧૩ વર્તમાન જૈનશાસનને પ્રવર્ત્તાવનાર ચરમ જિનપતિ શ્રી મહાવીર દેવનો એ જન્મદિન છે. આમ તીર્થની દૃષ્ટિએ મૂળ પુરુષ ગણાતા અને તીર્થંકરોની ગણત્રીએ છેલ્લા મનાતા તીર્થપતિ શ્રી મહાવીરસ્વામીનું જન્મકલ્યાણક વિવિધ પ્રકારે ઉજવવું એ પ્રત્યેક જૈનનું આવશ્યક કાર્ય છે. કોઈ એ દહાડે તપાનુષ્ઠાન કરે તે માટે મનાઈ ન જ હોય છતાં આ પર્વ આનંદ ઉલ્લાસનું ગણાય. એ દિને–પૂજા–સરઘસ–વરઘોડો અને ભાષણ કે વ્યાખ્યાનો દ્વારા પ્રભુશ્રીનો ઉપદેશ જૈનોમાં જ નહિં પણ જૈનેતરોમાં પણ સારી રીતે પ્રચારી શકાય એવા માર્ગો યોજાય છે. અને હજુ સવિશેષ યોજાવાની આવશ્યકતા છે. પ્રભુશ્રીની અહિંસા, સત્ય, અને અનેકાંતશૈલી સંબંધી જેટલું જ્ઞાન વધારે વિસ્તારવામાં આવે એટલી હદે વિશ્વપર શાંતિનું સામ્રાજ્ય વધે એ નિઃસંદેહ વાત હોવાથી “ **સવી જીવ કરૂં શાસન રસી** ” એવી ઉદાર ભાવનાથી આ દિવસનું માહાત્મ્ય સાર્વજનિક કરવા યત્ન સેવવો ઘટે.

ચૈત્રી પૂર્ણિમા (ચૈત્ર સુદ ૧૫) કાર્ત્તકીની માફકજ આ દિનનું મહાત્મ્ય પણ ખાસ કરી શ્રી શત્રુંજય યાને શાશ્વતતીર્થ સહ જોડાયલું છે એ પુન્ય અવસરે શ્રી યુગાદિ જીનના પ્રથમ ગણધર પુંડરીકજી ઉર્ફે રૂષભસેન શત્રુંજયની શીતળ છાયામાં કર્મોથી કાયમને સારૂ મુક્ત થયા. એ સાથે સંખ્યાબંધ આત્માઓએ સ્વકલ્યાણ સાધ્યું. પાલીતાણામાં ઉક્ત દિને ખાસ કરી યાત્રાળુઓ મોટી સંખ્યામાં એકઠા થાય છે. ને દાદાના દરબારમાં રથયાત્રાદિ મહોત્સવ પૂર્વક પૂજા ભણાવી. તપકરણી પૂર્વક આત્મ કલ્યાણમાં દિવસ વ્યતિત કરે છે. અન્ય સ્થળોમાં પણ શંત્રુજયનો પટ બંધાય છે ને શ્રદ્ધાળુઓ તેના દર્શનથી યાત્રા કર્યાનો લ્હાવો લે છે. કેટલેક સ્થળે સમવસરણની રચના કરવામાં આવે છે. વળી આયંબિલની ઓળીનો આ છેવટનો દિન હોવાથી નરનારીઓ આહ્લાદપૂર્વક વિધિ પણ ત્યાં જ આચરે છે. સમવસરણની રચનાથી પ્રેક્ષકને અને દર્શન કરનારાઓને સહજ ખ્યાલ આવી શકે છે. પ્રભુશ્રી પોતાની વિદ્યમાન અવસ્થામાં એનો આશ્રય લઈ બારપર્ષદા સમક્ષ માલકોશ રાગમાં–સૌ કોઈને સમજાય તેવી મનોહર શૈલીમાં–દેશના દેતા હતા. એ સાંભળી ઇન્દ્રો, ચક્રવર્ત્તીઓ કે રાજા–મહારાજાઓ માત્ર નહીં પણ નરનારીઓ અને તિર્યંચો પ્રમુખ કોટિ ગમે જીવોનું કલ્યાણ સધાતું. ચાલુ સમયની સામગ્રીનો ઉપયોગ આખુંયે દૃશ્ય ગોઠવવામાં આવે તો તે તાદૃશ્ય ચિતાર રજૂ કરી એક સુંદર બોધપાઠ રૂપ નિવડે તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેકાંતદષ્ટ

(લે૦ પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે એમ. એ.)

અનેકાંતવાદ એક ખૂબ ગહન શાસ્ત્રીય વિષય છે. તેને શુદ્ધ અને સૈદ્ધાંતિક સ્વરૂપમાં સમજવા માટેના ઘણા પ્રયત્નો થયા છે. એમાંથી ઘણા સફળ થયા છે અને ઘણા નિષ્ફળ પણ થયા છે, નિષ્ફળતાના કારણો પૈકી એકતો મતાગ્રહ છે. મતાગ્રહ થાય એટલે પરમતનો દ્વેષ અને પરમતા સહિષ્ણુતા ઉત્પન્ન થાય છે. જગતના અનેક ઝઘડાઓના મૂળમાં પરમત દ્વેષનું કાતિલ ઝેર રહેલું હોય છે.

યથાર્થ જ્ઞાન થાય ત્યારે મતાગ્રહ આપોઆપ અદૃશ્ય થઈ જાય છે. એક રીતે કહીએ તો અનેકાંત દૃષ્ટિ એટલે જ યથાર્થજ્ઞાન. કોઈ પણ વસ્તુનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેનાં ચોક્કસ સ્વરૂપને બરાબર સમજવું જોઇએ. દરેક વસ્તુના ગુણધર્મો અને સ્વભાવો લગભગ અનંત અથવા અસંખ્ય છે એમ કહીએ તો ચાલે. ટુંકામાં દરેક વસ્તુનાં અનેક પાંસાઓ છે તો દરેક પાસાંનું યોગ્ય રીતે દર્શન કરવું જોઈએ અને તેના સંપૂર્ણ જ્ઞાન માટે વસ્તુના બધા પાસાંઓનું સમ્યક્જ્ઞાન આવી જાય છે. આનું નામ જ અનેકાંત દૃષ્ટિ. હરિભદ્રસૂરિએ બરાબર જ કહ્યું છે કે **तत्राऽपि न द्वेष कार्यो विषयस्तु यत्न तो मृग्यः।** અર્થાત્ બીજા મતોનો અથવા ધર્મોનો અથવા શાસ્ત્રોનો દ્વેષ ન કરવો. પરંતુ બીજાઓ શું કહે છે તેનું પ્રયત્નપૂર્વક શોધન કરવું અનેકાંતદૃષ્ટિથી શોધન થયા પછી જે સત્ય હોય તેને સત્યરૂપે સ્વીકારવું અને અસત્ય નીકળી પડે તેને અસત્ય જાણી ત્યાગવું આજ સાચી મધ્યસ્થ દૃષ્ટિ છે.

ઉપર બતાવેલી મધ્યસ્થદૃષ્ટિ વ્યવહારમાં કઈ રીતે ઉપયોગી થાય તે આપણે વિચારવાનું છે. કોઈ પણ રાષ્ટ્ર અથવા વ્યક્તિ સમક્ષ સામાજિક, રાજકીય આર્થિક અને ધાર્મિક પ્રશ્નો ખડા હોય છે જ. આવા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં, પરસ્પર અથડામણો દૂર કરવામાં, શાંતિભર્યું સમાધાન કરવામાં અને કરાવવામાં અનેકાંત દૃષ્ટિ બહુ જ ઉપયોગી થઈ પડે છે. દાખલા તરીકે બે ભયંકર વિશ્વયુદ્ધો પછી સમજુ માણસોને સહઅસ્તિત્વનો સિદ્ધાંત જ વિશ્વશાંતિનો યોગ્ય માર્ગ બતાવી શકે એવી સ્પષ્ટ પ્રતીતિ થવા લાગી છે. આ સિદ્ધાંત ખરી રીતે "જીવો અને જીવવા દો"નો પર્યાય માત્ર છે અને તેના મૂળમાં અહિંસા પ્રધાન અનેકાંતદૃષ્ટિ છે.

જીજીવિષા પ્રાણી માત્રમાં છે. દરેક પ્રાણી જીવનને ટકાવી રાખવાનો ઠેઠ સુધી પ્રયત્ન કરે છે. પરંતુ પોતાના જીવનને ટકાવી રાખવા ઇચ્છનાર માણસે જોવું જોઇએ કે બીજાઓની પણ એ જ ઇચ્છા છે આનો અર્થ એ થાય કે મન, વચન અને કર્મથી આપણે અહિંસાનું પાલન કરવું જોઇએ, અહિંસાનાં પણ બે પાસાં છે એટલે બે રીતે જોઈ શકાય. એક તો નકારાત્મક રીતે એટલે કે કોઇને ઈજા ન કરવી અને બીજી ભાવાત્મક રીતે એટલે હકારાત્મક રીતે. ભાવાત્મક રીતે અહિંસાપાલન જ વધારે સાચું અને વધારે પૂર્ણ ગણી શકાય. ભાવાત્મક અહિંસા એટલે સર્વ પ્રાણી પ્રત્યે દયા, કરૂણા અને સમભાવ. જગત પર કાયમી શાંતિ સ્થાપવી હોય, તમામ ધાર્મિક, સામાજિક આર્થિક ઝઘડાઓ અને લશ્કરી યુદ્ધો અટકાવવાં હોય તો આપણે બધાએ અહિંસાધર્મનું શુદ્ધ હૃદયથી ગ્રહણ કરવું જોઇએ અને ભક્તિપૂર્વક આચરણ કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્રુવ અને અધ્રુવ

લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

આ જગતમાં ઘણી વસ્તુઓ સ્થિર હોય એમ જણાય છે તેમ અનંત વસ્તુઓ અસ્થિર હોય એવો પણ અનુભવ થાય છે. એટલા માટે સ્થિર વસ્તુ કઈ અને અસ્થિર વસ્તુ કઈ એનું જ્ઞાન આપણને થવું જોઈએ. કોઈ વસ્તુ સ્થિર એટલે ધ્રુવ છે એમ સમજી આપણે ઉભા રહીએ અને બીજી ક્ષણે એ વસ્તુ પગ નીચેથી ખસી જાય ત્યારે આપણે પડી જઈએ એ સ્પષ્ટ છે. એટલા માટે જે વસ્તુ ઉપર આપણે સ્થિર થવા ઇચ્છિએ તે વસ્તુ નક્કર હોઈ આપણો ભાર ઝીલે શકે છે કેમ તેની ખાત્રી કરી લેવાની જરૂર છે.

કોઈ ઘર બંધાવા માગે છે ત્યારે તેનો પાયો પાકો કરવો જોઈએ તેમ આપણે જે કાર્ય કરવું હોય તે પાકે પાએ સાચુ શાસ્ત્રવિહિત અને ચિર સ્થાયી છે કે નહીં તેની તપાસ કરવાની જરૂર છે. આકાશમાં અનંત તારલાઓ છે. તેમાં ઘણા તારકો સ્થિર જણાય છે તેથી તેઓને નક્ષત્ર કહે છે. તે સ્થિર અને નહીં ખરનારા હોવાથી તેના પુંજોના સમૂહને ખગોલશાસ્ત્રમાં નામો અપાયેલા છે. તે અશ્વિની ભરણી વિગેરે નામો ગણત્રી કરવા માટે અપાએલા છે અને તેના બીજા પણ સમૂહો પાડી તેને રાશીના નામો આપવામાં આવેલા છે. જેવા કે મેષ વૃષભ વિગેરે. આમ એ બધા નક્ષત્ર એટલે નહીં ખરનારા સ્થિર છતાં, સૂર્ય અને પૃથ્વીની ગતિ સ્થિતિને કારણે ફરતા એટલે અસ્થિર જ ગણાય છે. પણ આ બધા નક્ષત્રોની વચ્ચે ઉત્તર ભાગના આકાશમાં ધ્રુવ નામનો તારો છે. તે હંમેશ એકજ જગે સ્થિરતા કરી રહેલો હોય છે. તેથીજ ધ્રુવતારાનો બીજો અર્થ સ્થિર અને કાયમ ટકનારો એવો અર્થ નિર્માણ થયેલો છે એવો જ ભેદ ક્ષર અને અક્ષર શબ્દો પણ હોય છે.

સમુદ્રમાં પાણી તો નિત્ય ભરેલું જ છે તેથી તે ટકનારૂં સ્થિર ગણાય છે. પણ તે ઉપર મોજાઓ કે તરંગો જોવામાં આવે છે તે કેટલા વખત લગી ટક વાના ? એતો ઉત્પન્ન થતાની સાથે જ નાશ પામે છે. એટલે એને અધ્રુવ એટલે ક્ષણજીવી ક્ષણભંગુર એવું ઉપનામ આપવામાં આવે છે. આકાશમાં મેઘ ભેગા થાય છે અને દોડે છે તેવામાં તે મેઘ ઘડીમાં હાથી જેવી અને બીજે ક્ષણે મનુષ્ય જેવી અને ઘડીમાં રથ જેવી વિગેરે અનંત આકૃતિઓ ધારણ કરે છે. સાંજે પૂર્વ આકાશ કેવી રંગોની મનોહર છટાઓ જણાય છે ? પણ એ આપણે બધું અધ્રુવ, અસ્થિર માનિએ છીએ. કારણ આપણે સારી પેઠે જાણીએ છીએ કે, એ દેખાવો તો ક્ષણવારમાં નષ્ટ થવાના જ છે. એનુ આયુ ઘણુંજ ઓછું છે. એકક પલવારમાં તો બધું જ ફેરવાઈ જવાનું છે અને જે વસ્તુ પ્રત્યક્ષ અધ્રુવ હોય તેની ઉપર આપણે ભરોસો રાખી શકતા નથી એનો વિશ્વાસ કરતા નથી. કોઈ માણસ આપણા પરિચયમાં આવે અને આપણે ખાત્રી થાય કે એ માણસ બોલે તેવું પાળનારો નથી અને વારે ઘડી ગમે તેવું બોલી ફરી જાય છે અને પાછલું બોલેલું ફોક કરી મૂકે છે, એવા માણસ ઉપર આપણે જરા જેવો પણ ભરોસો રાખવા તૈયાર થતા નથી. આપણે સ્થિર અને ધ્રુવ રહેનારી વસ્તુ ગમી જાય છે. બોલીને પાળનારો સ્થિર બુદ્ધિનો માણસ આપણને ગમી જાય છે. એ ઉપરથી સ્પષ્ટ જોવામાં આવે છે કે, આપણે ધ્રુવ ટકાઉ વસ્તુઓ ઉપર ભરૂસો રાખવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્રુવ વસ્તુઓ જ સારી અને અધ્રુવ વસ્તુઓ ખોટી એ આપણે જોઈ ગયા પણ અમુક વસ્તુ ધ્રુવ અને અમુક વસ્તુ અધ્રુવ છે એ આપણે શી રીતે જાણીએ ? આપણને સંસારમાં ઘણી વસ્તુઓ ગમી જાય છે, અને એ આપણી સાથે સતત્ ધ્રુવપણે રહે એવું આપણે ઇચ્છિએ છીએ, ત્યારે એ વસ્તુઓ ધ્રુવજ છે એવો વ્યામોહ આપણને થાય છે. અને આપણે એ વસ્તુ આપણી જ છે અને એ આપણી સાથે નિત્ય સ્થિરતાથી રહેશે જ એવુ આપણે માની લઈ ખોટો આનંદ અને સંતોષ અનુભવીએ છીએ. આપણી સામે એ વસ્તુઓ કોઈની સાથે રહીજ નથી એવા જવલંત દાખલા આપણી સામે મોજુદ થવા છતા આપણે આંખ આડા કાન કરી એ બધી વસ્તુઓ સ્થિર છે અને આપણી સામે નિરંતર રહેવાનીજ છે એવા ભ્રમમાં મસ્ત રહીએ છીએ. આપણી એની બાલક્રીડા તરફ જોઈ કર્મરાજા હસે છે. અને આપણા મનની એવી તુચ્છ ભાવના જોઈ આશ્ચર્ય પામે છે. કેવી એ બાલ ચેષ્ટા ! આવી પ્રત્યક્ષ અધ્રુવ વસ્તુઓને આપણે ચિરસ્થાઈ માની મનમાં હરખાઈએ છીએ એ આપણી કેવી પામરતા ! જ્ઞાની ભગવંતો એ જોઈ કેનો વિચાર કરતા હશે !

જ્યારે યુવાનીની મસ્તીમાં મનુષ્ય આવે છે ત્યારે એ આપણી યુવાની કાયમ ટકવાની નથી એ તદ્દન ભૂલીજ જાય છે. એ યુવાનીની મસ્તી એને એવો મોહ ઉત્પન્ન કરે છે કે, ફાવે તેમ કરેજા. તને કોણ પૂછનાર છે ? ભોગ તો આપણા માટે જ છે. એ ભોગવવાની આપણને છુટ છે. આપણો એ અધિકાર છે. એમાં વળી સારૂ ને માઠુ જોવાનું ન હોય. પણ કર્મરાજા નિત્ય ક્ષણે ક્ષણે એ મસ્તીનું હરણ કરતો હોય છે. એના પગ નીચેથી રેતી ક્ષણે ક્ષણે અને કણે કણે ખરતી જ જાય છે અને એને જહાની ખાઈમાં અને રોગોના દરીઆમાં ફગાવી દેવા કાર્ય તત્પર છે એ વસ્તુ એ મોહની નશામાં ભૂલી જાય છે, બીલાડી ફક્ત દૂધને જુએ છે અને આંખો મીચી દૂધ પીતી રહે છે, પણ માથા ઉપર ડાંગ પડી રહી છે એ જોતી નથી, તેમ એ યુવાનીની મસ્તીમાં મસ્ત થએલો માણસ પોતાની આસપાસ કર્મરાજાના પાશ કેવી રીતે ગોઠવાઈ રહ્યા છે એ જોઈ શકતો નથી. અધ્રુવ અને ક્ષણજીવી ભાસમાન સુખની પાછળ આંધળો થઈ દોડી રહે છે. ધ્રુવ છોડી અધ્રુવની પાછળ દોડનારાની બીજી શી અવસ્થા થાય ? ધ્રુવ તો એણે છોડેલું જ હોય છે. અને અધ્રુવ તો પોતાના ચલ સ્વભાવ મુજબ નષ્ટ થવાનુંજ છે. તેથીજ બન્ને તરફથી એ ભ્રષ્ટ થાય એમાં આશ્ચર્ય નથી.

આપણું આ શરીર, આપણી ધનદોલત, માલ-મિલકત, કુટુંબ પરિવાર, સગા વહાલા અને મિત્ર પરિવાર, પત્ની પુત્ર પુત્રીઓ કહો કે આ આપણો આખો સંસાર જે આપણે સ્થિર, ધ્રુવ કે અખંડ ટકનારો અને ચિરંજીવી તરીકે માનિએ છીએ અને તેને અનુસરી આપણી બધી ક્રીયા કરે જઇએ છીએ. એ સંસાર સાચેજ સ્થિર, ધ્રુવ કે અખંડ ટકનારો છે એવી પ્રતીતિ અને ખાત્રી આપણી થઈ છે કે ? કે દેખતા છતાં આંધળા થઈ તેની પાછળ પડ્યા છીએ ? જે લોકો ધનવાન અને મોટા ગણાતા હતા તે રસ્તામાં રખડતા ભીખારી જેવા જણાય છે. જે માનવો રાજા, મંત્રી, સેનાપતિ વિગેરે ઓદ્ધા ધારણ કરી લોકોને પોતાની ઉદ્ધતાઇથી અને ગર્વથી ફુલાઈ હરતા ફરતા, તે બધા કયાં ફેંકાઈ ગયા છે એ પણ જોવામાં આવતા નથી. એ બધાનું મુખ્ય કાંઈ કારણ હોય તો તે ફક્ત અધ્રુવ વસ્તુઓને ધ્રુવ સમજીને પોતાનું આચરણા કરતા હતા તેજ છે.

વાસ્તવિક જોતા આપણને કોઈ મોટાઈ, સંપત્તિ કે વૈભવ મળેલું હોય તો તે પૂર્વોપાર્જિત કર્મનું ફળ છે. એ ફળનો ઉપયોગ કરવો એટલે આપણે કેવળ વિશ્વસતની પેઠે તેનો સદુપયોગ કરી નવા શુભ કર્મો પેદા કરવા એ છે. નહીં કે એ ફળને ગમે તેમ વેડફી નાખી તેનો દુરૂપયોગ કરવાનો છે. આપણને ઘોડોમળેલો હોય તેનો ઉપયોગ જરૂરી પ્રવાસ માટે કરી સાચવવાનો છે. તેમજ આપણે જો નિરોગી શરીર મેળવલું હોય તો તેનો ઉપયોગ પરોપકારના કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાનો છે. ધર્મસેવા કરવાનો છે. દેવ ગુરુ અને ધર્મને સાંચવી સેવાધર્મ બજાવવાનો છે. એટલે જ તેનું સાર્થક કરવાનો છે. શરીર આપણું કહેવાય છતાં એ અધ્રુવ અસ્થિર વસ્તુ છે એ ભુલવું નહીં જોઈએ.

આપણી પાસે કોઈ સ્થિર અને ધ્રુવ એવી વસ્તુ હોય તો તે ફક્ત આપણો આત્મા છે અને એ આત્માને આપણે જડ એવા કર્મોના બંધથી બાંધી મૂકેલો છે, તેથી તે સ્થિર આત્માની અવગણના કરી અસ્થિર એવા કર્મના જાલમાં તેને ફસાવ્યા કરીએ તો આપણો આત્મા સ્થિર છતા અસ્થિર એવા કર્મના બંધનો વડે રખડયા જ કરે એ દેખીતુ છે. માટે જ આપણે આપણા શુદ્ધ ચૈતન્યરૂપ આત્માને જરાપણ કર્મનો કલંક ન લાગે તે રીતે આપણું વર્તન કરવુ જોઈએ. આપણે સંસારમાં મારૂ મારૂ કરીને અનેક વસ્તુઓ સાથે સગપણ જોડેલુ છે, પણ એ બધુ સ્થિર કે ધ્રુવ નથી એ સમજી રાખવુ જોઈએ. ઝાંઝવાના પાણી પાછળ હરણ ભ્રમથી આશા રાખી દોડે છે પણ તેને પાણી તો મળતુ નથી જ. કારણ એ કેવળ આભાસ હોય છે. તેથી લાભને બદલે હાનિજ થવાનો સંભવ ઘણો હોય છે. આમાં સુખ મળશે, પેલામાં આનંદ મળશે, અમુક કરવાથી નિરાત થશે એવા ભ્રમમાં આપણે આખા જન્મ સુધી રખડ્યા કરીએ તોપણ સુખનો અંશ સરખો પણ આપણે મળતો નથી માટે સાચો માર્ગ આપણે આચરવો હોય તો અસ્થિર વસ્તુની પાછળ દોડવું નહીં જોઈએ પણ પરમોપકારી ગણધર ભગવંતોએ પોતાના જ્ઞાન વડે ધ્રુવ એવા બતાવેલ આત્મસુખની પાછળ પડવુ જોઈએ. એ આત્મસુખ એ જ સાચુ સુખ છે. બાહ્ય વૈભવ એ ભ્રમથી મનાએલ સુખ છે. તે પાછળ આપણે દોડી રહેલા છીએ પણ સમજી રાખવાનું છે કે, એ સુખ સાચુ સુખ નથી. ઉલટુ દુઃખને આમંત્રણ આપનારૂ એ ભ્રામક સુખ છે. એ ધ્યાનમાં રાખી જ્ઞાની ભગવંતોએ પ્રરૂપેલા સમ્યક્ત્વના આશ્રયથી તપ, જપ, ધ્યાન ધારણાના માર્ગે કાર્ય કરતા રહીએ તો જ સુખની પ્રાપ્તિ થઈ શકે. શાશનદેવ બધાઓને એ સદ્બુદ્ધિ સૂઝાડે અને જગતમાં આનંદ મંગલ વર્તે એજ સદિચ્છા.

સાચો ભિક્ષુ

जो जाइमत्ते न य रूवमत्ते
न लाभमत्ते न सुएणमत्ते
मयाणि सव्वाणि विवज्जयंतो
धम्मज्झाणरए जे स भिक्खू ॥

दशवैकालिक (१०-९)

જે જાતિનું અભિમાન નથી કરતો, રૂપનું અભિમાન નથી કરતો, જે લાભનું અભિમાન નથી કરતો, જે જ્ઞાનનું અભિમાન નથી કરતો, જેણે બધા પ્રકારના મદ છોડી દીધા છે અને જે ધર્મ ધ્યાનમાં રત છે તેજ સાચો ભિક્ષુ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ દર્શન !

[ભગવાન મહાવીરદેવના બે જીવનપ્રસંગોનું ચિંતન]

લેખક : બાપુલા કાલિદાસ સઘાણી 'વીરબાલ'
મોરવાડા (વાયા રાધનપુર થઇને)

[૧]

ઋજુવાલુકા નદીને કાંઠે શાલતરૂની છાયામાં ભગવાન મહાવીર આત્મ આવરણ દૂર થતાં કેવળ-જ્ઞાન પામ્યા, અને પ્રભુ મુખની ધેર-ગંભીર અમૃત-ધારા સમી વાણી વહી નીકળી. આ વક્તવ્ય શ્રવણ કરી કોઇ શ્રોતાઓએ કાંઇ વ્રતનિયમો લીધા નહિ. અને એની ગ્રંથોમાં " ભગવાન મહાવીરની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ " એવા શબ્દોમાં નોંધ થઈ.

આ નોંધ યુગદ્રષ્ટા ભગવાન મહાવીરની વાણીના સત્ય મર્મની ઝાંખી કરાવે છે. બળબળતા ઉનાળા પછી આકાશમાં વાદળ ઘેરાય છે અને આષાઢી મેઘ ધરાની તૃષા છીપાવી દે છે-પૃથ્વીનું અણુએ અણુ આનંદશ્વાસ લ્યે છે, પણ દિવસ ઉગતાં જ જો કોઈ ધરતીને નીલવરણી જોવા ઇચ્છે તો એ નિષ્ફળ જ જાય એવી જ આ વાત છે.

જ્યારે જ્યારે વિશ્વ-આંગણે યુગપુરૂષોનું પ્રાગટ્ય થાય છે ત્યારે જનસમુહનું જીવન અંધશ્રદ્ધા-અવિવેક-સ્થુલ ક્રિયાકાંડ-ધામધૂમ-જીવન અને ધર્મનો વિસંવાદ-આવા આવા તત્ત્વોથી ખરડાઈ ગયેલું હોય છે-ભગવાન મહાવીરના સમયની જ વાત કરીએ રાજા, પ્રજા, બ્રાહ્મણો સૌ યજ્ઞયાગ-યજ્ઞહિંસા-જ્યોતિષ,-ક્રિયાકાંડ, યક્ષપુજા, વાદવિવાદના ચક્રાવામાં ઘુમી રહ્યાં હતાં. જીવન-સાધનાની સાદી અને સરળ કેડી એ અટપટી ભુલભુલામણીમાં અટવાઈ ગઈ હતી. એ અપ્તરંગી વ્યવસ્થાએ જીવનસાધના અને ધર્મ એ બંન્નેને જાણે વિખુટાં પાડી દીધાં હતાં.

ભગવાન મહાવીરે આ પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. બારવર્ષ મૌનસાધનામાં-ચિંતનમાં ગાળી સ્વપરના શ્રેયસનું સંશોધન કર્યું હતું, અને જ્ઞાન પ્રાપ્તિ પછી પહેલી જ વાર જીવન સાધનાનાં સત્યો આત્માની આવરણ અને નિર્બંધન અવસ્થાનું આકલન કરી બતાવ્યું હતું, શ્રોતાએ તો આ કરવું-આ ના કરવું-એવા વિધિ નિષેધના ઉપદેશથી ટેવાયેલાં હતાં, એમણે અહીં પ્રભુની પ્રશાન્ત મુદ્રા માંથી ઝરતા અમીઝરણને હૃદયમાં ઝીલી-આનંદ તૃપ્તિ અનુભવી-તૃપ્તિના ઓડકાર ખાતા સૌ વીંખરાઈ ગયા. આનંદઘન આત્મ સંગીતનાં સ્પંદનો માનવગણને ઝીલવાનાં હતાં-જ્યાં મન વીરમી જાય ત્યાં વ્રત નિયમોનો કોઈ પ્રશ્ન જ ન્હોતો પણ માનવીનાં મન તો સ્થુળ ફળાફળમાં રાચે-એટલે કથાકારોએ એ દૃષ્ટિએ નોંધ્યું " પ્રભુ મહાવીરની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ " પણ આ નોંધ જ પ્રભુ વાણીની વિશિષ્ટતા અને મર્મ તરફ આંગલી ચીંધણુ સમી બની રહે છે.

પંડિત અને અભણ સૌને ગમ્ય એવી લોક-ભાષાને ભગવાન મહાવીરે પોતાના વાણી પ્રવાહનું વાહન બનાવી હતી અને એ લોકભાષા-અર્ધપ્રાકૃત માગધીમાં ભારતીય દેશ પ્રદેશોની બોલીનું અજબ સંમિશ્રણ ભગવાને કરી લીધું હતું, અખિલ ભારતીય રાષ્ટ્રભાષાએ એમ પહેલ વહેલું સાકારરૂપ ધારણ કર્યું હતું-આવા દુધમાં સાકર જેવી ભગવાન મહાવીરની વાણી વળી પાંત્રીશગુણયુક્ત હતી. આજની ભાષામાં કહીએ તો જીવન સાફલ્યની સહચરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમી ભાષાકલા પ્રભુને વરી હતી, એમાં ખંડનમંડન ન્હોતું, આમ કરો ને તેમ કરો એવો આગ્રહ ન્હોતો—ભુલભુલામણીની કોઈ શેતરંજ ન્હોતી–પ્રચારવેડા ન્હોતા પ્રભુ તો ઉપદેશતા—આત્મા–આત્માનું અખંડ અવ્યય નિર્મળ સ્વરૂપ.–એના તેજને ઢાંકતાં આવરણો અને એ મેલને–અંધકારને વિલીન કરનારાં જીવનબનો, પ્રભુની સ્પષ્ટ માન્યતા હતી કે માનવ ઉત્થાન માટે આટલું સત્ય પ્રાગટ્ય બસ છે, પછી તો માનવીએ સત્યના પ્રકાશને ઝીલી પોતાના જીવનપંથને અજવાળે –ભગવાનને મન આટલું બસ હતું.

આ મર્મ સમજ્યા પછી કોણ કહેશે કે પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ? એ તો હતી હૃદયધરાને ધરપત આપતી પુષ્કરાવર્તની મેઘ ધારા !

[૨]

કૈવલ્ય પ્રાપ્તિ કરી પ્રભુ પાછા અયાયા નગરીએ પધાર્યા.

અયાયાનગરીમાં એ વેળા ધનવાન સોમિલ દ્વિજને આંગણે મહાયજ્ઞ ચાલતો હતો, દેશ–પરદેશના વેદપારગામી અગ્યાર મહા પંડિતો યજ્ઞકાર્ય સંભાળતા હતા, યજ્ઞના આ ધર્મોત્સવમાં ઉમટતાં લોકટોળાં આજ આછરતાં દેખી એ વિદ્વજનો ચમકયા. તપાસને અંતે જાણવા મળ્યું કે–ભગવાન મહાવીરનાં દર્શન કરી પાવન થવા અને એમની વાણીનાં અમૃત પીવા નગરજનોની હારનીહાર પ્રભુપર્ષદા તરફ વહી રહી છે. કાંઈક તેજાદ્વેષ, કાંઈક કુતુહલ અને કાંઈક જિજ્ઞાસાથી શિષ્યવૃંદ સહિત એકએક એ સમર્થ યજ્ઞવિદો પ્રભુ સમીપ ચાલી નીકળ્યા.

ભગવાન મહાવીરે "આવો ! વિપ્રવર્ય ! આવો !" કહી પહેલા જ ઈન્દ્રભૂતિ ગૌતમને અમીમય વાણીથી ઘેરી લીધા–અને એમના જ હૃદયની વાત કરતા હોય તેમ વેદના એક સૂક્તનું આત્મસાત થાય એવું ભાષ્ય કથી રહ્યા ગૌતમે આ વેદસૂક્તના અર્થ અને હૃદયના ચિંતન વચ્ચે આજ લગી રહેતો વિસંવાદ આજ સમી જતો અનુભવ્યો પ્રભુનું પ્રશાન્ત આનંદનિર્ઝર વદન અને એક એક પ્રભુ બોલની મીઠપ ગૌતમને ભાવી ગયાં–ગૌતમ સપરિવાર ભગવાનના અંતેવાસી બની ગયા–આમ અગ્યારે અગ્યાર દ્વિજવરોએ શિષ્ય સમૂહ સાથે પ્રસન્નતા અનુભવી પ્રભુ ચરણોમાં મસ્તક ઢાળી દીધાં–ભગવાન મહાવીરને પહેલે જ પગલે આમ સમર્થ સંદેશવાહકો મળી ગયા.

પ્રભુવરની વિચક્ષણદૃષ્ટિ અને વાણીગુણ આ પ્રસંગમાં પ્રકાશી રહે છે. પ્રભુ નથી વેદશાસ્ત્રોની ટીકા કરતા, નથી એના સૂક્તોનું ખંડન કરતા, નથી વેદગ્રંથોને મિથ્યાશાસ્ત્રો કહી એનો વિરોધ કરતા–વળી સામે વેદભાષાના નિષ્ણાત તત્ત્વચિંતકો હતા, એ વિદ્વાનોએ વાદવિવાદ કર્યા હતા–વાદસભાઓમાં વાદની સાઠમારીઓ ખેલી હતી–વળી એમની પાસે આજ્ઞાંકિત, જ્ઞાનભિખ્ખુ સેંકડો બ્રાહ્મણબટુકો હતા આટલું છતાંય ભગવાનની વાણી વેદસૂક્તોનું ભાષ્ય રચતાં એ વિદ્વવરોના હૃદયને મધુર નવનીત સમી ભાવી રહી. જ્ઞાનની પ્રવાહીતાને સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના ભેદ હોતા નથી–એ રીતે એ મર્મને સ્પર્શતી–અવિચ્છિન્નપણે–એ હૃદયોને આજિવન ભક્તિનાં બંધને બાંધી રહી.

વેદસૂક્તોની તત્ત્વચર્ચા અહીં નહિ કરીએ–યાદ તો એટલું જ રાખવાનું છે કે–સામાન્ય માનવી શબ્દોને પકડી રહે છે અને વિદ્વાનો પણ સંપ્રદાયી શબ્દ વળગાડને છોડી શકતા નથી.–અને છતાંય હૃદયની ગુંચો તો અણઉકલી જ લપાઈ રહે છે. પણ જ્યારે કોઈ શબ્દોનો સ્વામી. શબ્દોનો સર્જક–શબ્દોના ભાવ અને અર્થનો પ્રવર્તક–જીવન રહસ્યનો પારગામી પુરૂપ આવી મળે છે ત્યારે આવા ચમત્કારો–આત્મવિલોપન યજ્ઞો સર્જાય છે !

વળી કયારેક આવાં પ્રભુદર્શન કરીશું !

જય અરિહંત !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરના સમયનો
એક બોધક પ્રસંગ

મૂળ લેખક: **અગરચંદ નાહટા**
અનુવાદક **'રક્તતેજ'**

ભગવાન મહાવીરના સમયના અનેક પ્રસંગો બોધપ્રદ છે. તે પ્રસંગોમાંથી આપણને ઘણો બોધપાઠ મળે છે. મનુષ્યનું મન ઘણું જ ચંચળ છે. ક્ષણે ક્ષણે તે મન શુભ અશુભ વિચારો દ્વારા શુભાશુભ કર્મ બાંધે છે. **मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः।**—આ ઉક્તિ ભગવાન મહાવીરના સમયના રાજા પ્રસન્નચંદ્રની બાબતમાં સોળ આના સાચી પુરવાર થાય છે. એક ક્ષણ પહેલાં પોતાના અશુભ વિચારો દ્વારા સાતમી નારકીને યોગ્ય કર્મ-પરમાણુઓનો સંગ્રહ કરે છે, તે થોડા જ સમય પછી એવા પ્રબળ અશુભ કર્મનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. આ હકીકતનું દૃષ્ટાન્ત એટલે રાજર્ષિ પ્રસન્નચંદ્રનું જીવન ચરિત્ર.

ભગવાન મહાવીર જ તેમનો જીવન પ્રસંગ, શ્રેણિક રાજાના પ્રશ્નના જવાબમાં પ્રગટ કરે છે. તે પ્રસંગ '**वसुदेवहिंडी**' નામના પાંચમા સૈકાના ગ્રન્થમાંથી અનુવાદ કરી અહીં પ્રગટ કરવામાં આવે છે. પ્રસંગ ઘણો માર્મિક છે. તેમાં અશુભ વિચારો તરફ જતા મનને રોકીને શુભ વિચારો તરફ વાળીને સિદ્ધિ પ્રાપ્ત કરવાનો અપૂર્વ બોધ મળે છે.

વચન અને કાયાની પ્રવૃત્તિ તે વિચારને અનુરૂપ હોય કે નહિ તો પણ કેવળ અશુભ વિચારોથી કેટલું મહાન કર્મબંધન થાય છે તેનું આ અત્યન્ત બોધક દૃષ્ટાન્ત છે. તન્દુલમચ્છનો એક બીજો દૃષ્ટાન્ત પણ પ્રસિદ્ધ છે. તે ચોખાના દાણા જેવડું નાનું પ્રાણી કેવળ માનસિક હિંસા દ્વારા નારકીમાં જાય છે. શુભ વિચારોનો અંશ પણ મોટું કાર્ય સાધી શકે છે, અને તેનાથી બધા અશુભ કર્મનો નાશ થઈ મુક્તિપદ પ્રાપ્ત થાય છે. મનુષ્યે બહુ સાવધાન રહેવાની જરૂર છે. કોણ જાણે તેના આયુષ્યનો અંત ક્યારે આવી જાય? જો તે વખતે તેનામાં અશુભ ભાવ રહી જાય તો દુર્ગતિ નિશ્ચિત છે.

હવે રાજર્ષિ પ્રસન્નચંદ્રનો એ પ્રસંગ આપીએ છીએ. જંબૂસ્વામીના ચરિત્રના અંતર-પ્રસંગના રૂપમાં આ "વાસુદેવ હિંડી" આવે છે. પ્રસન્નચંદ્રે પોતાના **નાના (નાબાલિક)** પુત્રને રાજ્યનો ભાર સોંપીને દીક્ષા કેમ લીધી? આ આખો પ્રસંગ શ્રેણિકના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરે બતાવ્યો છે.

રાજર્ષિ પ્રસન્નચંદ્ર

તે સમય તીર્થંકર પ્રભુ મહાવીર ગુણશિલા ચૈત્યમાં બિરાજમાન હતા. તીર્થંકરોના દર્શન માટે ઉત્સુક શ્રેણિક રાજ, તેમને વંદન કરવા માટે ગયા. તેમના સેના નાયક વગેરેમાંથી બે વ્યક્તિ પોતાના કુટુમ્બ સંબંધી વાતો કરતી જઈ રહી હતી કે 'તેમણે ઉપર હાથ રાખીને એક પગ ઉપર ઊભા રહી તપ કરતા સાધુને જોયા.' તેમાંના એકે કહ્યું, "અહો, આ મહાત્મા—ઋષિ સૂર્યની સન્મુખ ઊભા રહીને તપ કરી રહ્યા છે, તો ચોક્કસ સ્વર્ગ કે મોક્ષ લગભગ તેમના હસ્તગત છે." બીજાએ ઋષિને ઓળખીને કહ્યું કે "અરે, શું તને ખબર નથી? આ તો પ્રસન્નચંદ્ર છે. તેને ધર્મ ક્યાંથી થાય? એમણે રાજ્યવહીવટ તેના '**નાબાલિક**' નાના પુત્રને સોંપ્યો, પણ તેના મંત્રીઓ હવે તેને પદભ્રષ્ટ કરી રહ્યા છે. આ રીતે તો તેમણે પોતાના વંશનો નાશ કર્યો છે. તેના અંતઃપુરની શી દશા હશે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો કોને ખબર ? ” ધ્યાનભગ્ન કરાવનારું આ વચન પ્રસન્નચંદ્રના કાનોમાં પહોંચ્યું. તે વિચારવા લાગ્યા કે, “ આ મંત્રીએ કેટલા અનાર્ય છે ? મેં જેમનું હંમેશા સન્માન કર્યું તેઓ જ મારા પુત્રની વિરૂદ્ધ થઈ રહ્યા છે. અગર જો હું ત્યાં હાજર હોત અને તેમની પ્રવૃત્તિઓ આવી હોત તો અવશ્ય મેં તેમને સજા કરી હોત.” આ રીતે સંકલ્પ વિકલ્પમાં પડેલા પ્રસન્નચંદ્રના મનમાં તે પ્રસંગ જાણે કે મૂર્ત થયો અને મંત્રીઓની સાથે તે માનસિક યુદ્ધ કરવા લાગ્યા.

એવામાં શ્રેણિક મહારાજા એ જગ્યા ઉપર પહોંચ્યા. તેમણે ઋષિને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા અને તેમને ધ્યાનમગ્ન જોયા. વસ્તુતઃ રાજર્ષિ પ્રસન્નચંદ્રના તપનું સામર્થ્ય આશ્ચર્યજનક છે–આમ વિચારતા તેઓ તીર્થંકર ભગવાન મહાવીરની પાસે પહોંચી ગયા. પ્રણામ કરીને તેમણે ભગવાનને વિનયપૂર્વક પૂછ્યું, “ ભગવન્, ઋષિ પ્રસન્નચંદ્રને મેં જે વખતે પ્રણામ કર્યા તે વખતે જો તેઓ મરણ પામત તો તેમને કઈ ગતિ મળી હોત ? ” ભગવાને કહ્યું “ સાતમી નારકીમાં જાત ” “ સાધુને નારકી કેવી રીતે મળે ” એવો પ્રશ્ન પૂછીને શ્રેણિક આગળ કહેવા લાગ્યા કે, “ ભગવન્, જો પ્રસન્નચંદ્ર અત્યારે મરી જાય તો તે કઈ ગતિમાં જાય ? ” ભગવાને જવાબ આપ્યો કે ‘અત્યારે સવાર્થસિદ્ધિમાં જવાને લાયક છે.’ રાજાએ પૂછ્યું, “ એકવાર આપે નરકગતિ કહી અને બીજીવાર દેવગતિ બતાવી, તો આ દ્વિવિધ જવાબ આપે કેમ આપ્યો ? ભગવાને કહ્યું કે “ વિશેષ ધ્યાનથી તે સમય અશુભ વિચાર કર્યો હતો અને આ સમયે તે શુભ વિચાર કરી રહ્યા છે. ”

શ્રેણિકે પૂછ્યું “ એ કેવી રીતે ? ”

ભગવાને કહ્યું કે, “ તારી સેનાના નાયકોની વાતથી તેણે જાણ્યું કે પોતાના પુત્ર દુઃખને માર્ગે ગયો છે તેથી પ્રશસ્ત ધ્યાનનો ત્યાગ કરીને તેં જ્યારે પ્રણામ કર્યા હતા તે વખતે તે પોતાના શત્રુ બનેલા અમાત્યની સાથે માનસિક યુદ્ધ કરી રહ્યો હતો અને તેથી તે સમયે તે નારકી જવાને લાયક હતો. તું ત્યાંથી ચાલી નીકળ્યો ત્યાર પછી તેની ક્રિયાશક્તિ જાગૃત થઇ અને “ હું મારા શિરસ્ત્રાણથી શત્રુઓનો સંહાર કરી દઇશ ” એમ વિચાર કરીને જેવો તેણે પોતાના મુંડન કરેલા મસ્તક પર હાથ મૂકયો કે તરત જ તેને જ્ઞાન થયું કે “ મેં મારા ધર્મનો ત્યાગ કરીને બીજાને માટે યતિધર્મની વિરૂદ્ધના માર્ગ ઉપર આવી પડ્યો.” આ રીતે તે પોતાની ખુદની નિંદા અને ગર્હણા કરતો કરતો મને ત્યાંથી જ પ્રણામ કરીને આલોચના લીધી અને પ્રતિક્રમણ કર્યું હવે તે પ્રશસ્ત ધ્યાની છે. તેણે અશુભકર્મોનો વિનાશ કરી શુભ કર્મ ઉપાર્જન કર્યું. આ હેતુથી તેને માટે જુદા જુદા સમયમાં જુદી જુદી ગતિનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

જે સમય ભગવાન મહાવીર પ્રસન્નચંદ્રના શુભાશુભ ધ્યાનથી નારકી અને દેવગતિના બંધની વાત કરી રહ્યા હતા–કયાં સાતમી નારકી અને કયાં સવાર્થસિદ્ધિ નામક સર્વથી ઊંચું સ્થાન. તે જ વખતે કેટલાક દેવતા તે પ્રદેશમાં ઉતર્યા તો શ્રેણિક રાજાએ પૂછ્યું, “ હે પ્રભો, અત્યારે આ દેવોનું આગમન શા માટે ? ”

ભગવાન મહાવીરે જવાબ આપ્યો કે “ પ્રસન્નચંદ્ર અનગારની કેવળજ્ઞાન પ્રાપ્તિથી આનંદિત થઈને દેવો અહીં આવ્યા છે. થોડા સમયની વચ્ચે પરિણામોના અંતરથી કેટલું જબદરસ્ત પરિવર્તન થઈ ગયું છે. નારકીમાં જવા વાળો મોક્ષનો અધિકારી થઈ ગયો.

શ્રમણ વર્ષ ૬ : અંક ૬માંથી ઉધ્ધૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહંકાર અને અહં—

શ્રી માતાજી

અહંકારને સુધારવો એ કામ પ્રમાણમાં સહેલું હોય છે, કેમ કે દરેક જણને અહંકાર શું છે એ વાતની ખબર હોય છે. એને તમે સહેલાઈથી ઓળખી કાઢી શકો છો અને સહેલાઈથી સુધારી શકો છો. એમાં માત્ર એટલું જ જરૂરનું હોય છે કે આ કરવાની તમારામાં ખરેખર ઇચ્છા હોવી જોઈએ અને એ માટે તમારે ગંભીરપણે કામ કરવું જોઈએ.

પરંતુ અહંને પકડવો એ આના કરતાં ઘણું વિશેષ અઘરું કામ છે. આ અહં શું છે એ જાણવા માટે પ્રથમ તો તમારે એમાંથી બહાર નીકળી જવાનું રહે છે. એ વિના તમે અહંને જોઈ શકતા નથી. આમ જુઓ તો માણસ પોતે નર્યા અહંનો જ બનેલો હોય છે. એના માથાના વાળથી તે પગના નખ સુધી, એની બહારની બાજુએથી માંડી ઊંડામાં ઊંડા ભાગ સુધી, એના સ્થૂલ સ્વરૂપથી માંડી તે ઠેઠ આધ્યાત્મિક સ્વરૂપ સુધી બધું જ અહંની સામગ્રીથી બનેલું હોય છે. આ અહં માણસની એકેએક વસ્તુમાં ભેળસેળ થઈ ગયેલો છે અને એ શી વસ્તુ છે એની માણસને કદી પણ ખબર પડતી નથી. આ અહંને તમારે જીતવાનો રહે છે, તમારી જાતને એમાંથી મુક્ત કરી લેવાની રહે છે. કંઈ નહિ તો થોડે અંશે પણ તમારા સ્વરૂપના એક નાનકડા ભાગમાં કોઈક ઠેકાણે પણ તમારે મુક્ત બની જવાનું રહે છે અને તે પછી જ તમને સમજાય છે કે અહં એ કેવી વસ્તુ છે.

આ અહંનું તત્ત્વ એક બાજુએ આપણને આપણું વ્યક્તિરૂપ પ્રાપ્ત કરવામાં મદદ કરતું હોય છે, તો બીજી બાજુએ તે આપણને પ્રભુરૂપ બનવામાં વિઘ્ન પણ કરતું હોય છે. આ બે વસ્તુઓને ભેગી કરો અને અહં શું છે તે તમને સમજાશે. અત્યારે જે રીતે જગત ગોઠવાયેલું છે તેમાં અહં છે એટલે જગત પ્રભુસ્વરૂપ બની શકતું નથી.

આપણું પહેલું કાર્ય

આમાંથી કુદરતી રીતે આપણે એવો અર્થ તારવીશું કે એમ હોય તો પછી આપણું પહેલું કાર્ય તે એ કે આપણે સભાન રીતની વ્યક્તિઓ બની જઈએ, પછી આપણે અહંને વિદાય આપી દઈશું અને પ્રભુસ્વરૂપ બની જઈશું. પણ આમાં એમ થાય છે કે આપણે જ્યારે સભાન વ્યક્તિઓ બનીએ છીએ ત્યારે આપણને આપણા અહં સાથે રહેવાનો એટલો બધો અભ્યાસ પડી જાય છે કે પછી આપણા અહંને શોધી શકવાની શક્તિ પણ આપણામાં રહેતી નથી અને અહંની હાજરી શોધવા માટે આપણે ભારે પરિશ્રમ કરવાનો રહે છે.

અહંકાર એટલે શું તે તો દરેક જણ જાણે છે. અહંકાર એટલે સ્વાર્થીપણું. તમે જ્યારે દરેક વસ્તુને તમારી પોતાની તરફ જ ખેંચતા રહો છો અને બીજા લોકોમાં તમને કશો રસ પડતો નથી તો એને સ્વાર્થીપણું કહેવાય. તમે જ્યારે તમારી જાતનેજ આખા વિશ્વના કેંદ્રમાં મૂકીને બેસી જાઓ છો અને જગતમાંની વસ્તુઓ, તમારે તેમની સાથે સબંધ હોય તેટલા પૂરતી જ તમારા માટે હસ્તી ધરાવે છે તો એ સ્વાર્થીપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ આ તો દેખીતી વાત છે, તમે સ્વાર્થી છો એ વાત તો તમે આંધળા હો તો જ તમને ન દેખાય. દરેક માણસ થોડોઘણો સ્વાર્થી તો છે જ અને માણસ અમુક પ્રમાણમાં સ્વાર્થી હોય એ વાત સામાન્ય રીતે સ્વીકારી શકાય તેવી પણ છે–પણ સામાન્ય જીવનમાં પણ, તમારા સ્વાર્થીપણાની માત્રા જો થોડીક વધુ પડતી થઈ જાય છે તો તમારા નાક પર મુક્કો આવી પડે છે, કેમકે જગતમાં તો દરેક માણસ અહંપૂર્ણ છે અને બીજાનો અહંકાર માણસને બહુ ગમતો તો નથી જ હોતો.

માણસનો નિકટનો સાથી

આ બધું લોકો જાણે છે. આપણી જાહેર જીવનની નીતિમાં આ બધું આવે છે. હા, તમારે થોડોક જ અહંકાર રાખવો જોઈએ, વધારે પડતો નહિ, એ કોઈને દેખાવો જોઈએ નહિ! પરંતુ અહં, એવી તો કોઈ વાત કરતું જ નથી, કેમકે એની કોઈને ખબર જ નથી. એ તો માણસનો એટલો બધો નિકટનો સાથી છે કે એના અસ્તિત્વની પણ કોઈને ખબર પડથી નથી અને છતાં જ્યાં સુધી અહં છે ત્યાં સુધી તેમને દિવ્યચેતના પ્રાપ્ત થઈ શકવાની નથી.

માણસમાં આ અહં રહેલો છે એટલે જ એને ભાન થાય છે કે પોતે બીજાઓથી ભિન્ન એવી વ્યક્તિ છે, જગતમાં જો અહં ન હોત તો તમને તમે, બીજાઓથી એક ભિન્ન વ્યક્તિ છો એવું ભાન ન થાત. એમાં તો તમને એમ જ લાગત કે તમે એક સમગ્ર વિશ્વનો નાનકડો અંશ છો–એક ઘણા મહાન વિશ્વનો એક ઘણો અલ્પ અંશ છો, પણ તમને તો ચોક્કસ એમ જ અનુભવ થતો રહે છે કે તમે દરેક જણ એક અલગ વ્યક્તિ છો. તો આ ભાન તમને અહંને લીધે થતું હોય છે. જ્યાં લગી તમને તમારે પોતાને વિષે આ પ્રમાણેનું ભાન રહે છે ત્યાં શુધી તમારામાં અહં છે એમ તમારે સમજી લેવું.

તમને જ્યારે એમ થવા લાગે કે જગતમાં બધું જ તમે પોતે છો અને તમારું સ્વરૂપ તે, તમે જે પુરુષરૂપે સર્વત્ર આવી રહેલા છે તે પુરુષનાં જે બીજાં હજારો સ્વરૂપો આવી રહેલાં છે તેમાંનું માત્ર એક જ નાનકડું બિંદુ છે; વળી તમને એમ લાગે કે દરેક વસ્તુમાં તમે પોતે જ આવી રહેલા છો, ક્યાંય વિચ્છેદ જેવુ છે જ નહિ, ત્યારે તમારે જાણવું કે તમે અહંમાંથી મુક્ત થવાને માર્ગે જઈ રહ્યા છો.

આ વિકાસમાં એક ક્ષણ એવી પણ આવે છે જ્યારે, 'અમુક વસ્તુ તો હું નથી' એવું તમારે વિષે વિચારવું કે કહેવું એ પણ તમારે માટે અશક્ય બની જાય છે, કેમકે, તમે જ્યારે એમ કહો છો કે, 'જગતમાંનું સર્વ કાંઈ તમે પોતે છો, અથવા તો તમે પોતે જ બધું જગત છો, અથવા તો તમે પ્રભુ છો, અથવા તો પ્રભુ તે તમે છો,' ત્યારે એમાંથી એ વાત સાબિત થાય છે કે તમારામાં હજી કાંઈક બાકી રહી ગયેલું છે.

અને એક ક્ષણ એવી પણ આવે છે અને તે વીજળીના ઝબકારા પેઠે આવી જાય છે અને ભાગ્યે જ ટકી શકતી હોય છે–કે જે વખતે પેલું અખિલ સ્વરૂપ એ જ પોતે વિચાર કરતું હોય છે, એજ જાણતું હોય છે, એજ સંવેદનો અનુભવતું હોય છે, એ જ જીવન ધારણ કરતું હોય છે. તમે એ અવસ્થામાં પહોંચ્યા છો એવું પણ તમને લાગતું નથી.

આ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ બધું બરાબર બની રહે છે. એ ન થાય ત્યાંસુધી અહિંનો નાનકડો ખૂણો પણ ક્યાંક રહી જતો હોય છે. સામાન્ય રીતે તો અહં પોતે જ બહાર નજર નાખતો હોય છે, એ સાક્ષી સ્વરૂપ બનીને જોતો હોય છે.

એટલે તમારામાં હવે અહં નથી એમ તમારે કદી કહેવું જ નહિ. એ વસ્તુ બરાબર નથી. તમારે એમ કહેવું જોઈએ કે તમે અહંમાંથી મુક્ત થઈ જવાને માર્ગે જઈ રહ્યા છો. એ જ વાત સાચી છે.

તમે જો આ દિશામાં પ્રયત્ન કરતા રહેશો, આત્મસંયમ કેળવતા જશો, ક્રમે ક્રમે તમારી જાત પર કાબૂ મેળવતા થશો તો એ રીતે તમારા અહંને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીતી લેશો, એનાથી પર થઇ જશો અને આ વસ્તુ તમે તમારા સ્વરૂપના એક નાનકડા ભાગમાં કરી શકયા હશો તો પણ એ ભાગ તમારે માટે કયાંક એક નાનકડી બારી જેવો થઈ રહેશે અને એ બારીમાંથી તમે જો ધ્યાનપૂર્વક જોશો તો તમને અતિમનસની ઝાંખી થઇ શકશે અને તમને જ્યારે અતિમનસનું દર્શન થશે ત્યારે તે તમને એટલું બધું તો સુંદર લાગશે કે તે જ ક્ષણે તમને એવી તો પ્રબળ ઝંખના થઈ ઊઠશે કે બસ, ચાલો હવે, બધું જ મૂકી દઇએ–આ અહંનું જે કાંઈ હોય તે.

ધ્યાન રાખો, હું એમ નથી કહેતી કે તમે અહંમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશો ત્યારપછી જ તમને અતિમનસની ઝાંખી થશે. આમ જ હોય તો પછી એ વસ્તુ લગભગ અશકય જ બની જાય. ના, તમારે માત્ર કોઇક ભાગમાં તમારા સ્વરૂપના કોઈક ખૂણામાં, તમારા મનના એકાદ નાનકડા ખૂણામાં પણ સહેજ જ અહંમાંથી મુક્ત થવાનું છે. આ મુક્તિ તમે મનમાં કે પ્રાણમાં મેળવો તે સારું છે. પણ તમે જે અનેક પ્રયત્નો કર્યા હોય તેના પરિણામ-રૂપે તમને જો તમારા ચૈત્ય પુરુષનો સંપર્ક થઈ જાય તો, ત્યાં બારણું તદ્દન ખુલ્લું હોય છે. ચૈત્ય પુરુષ દ્વારા તમને અતિમનસ શું છે તેનું એકદમ જ સરસ અને સ્પષ્ટ દર્શન થઈ જાય છે. પણ તે માત્ર એક દર્શન જ હોય છે, સાક્ષાત્કાર નહિ. આ તો અતિમનસમાં જવા માટેનો એક વિશાળ માર્ગ છે એટલું જ. પણ તમે જો તમારા મનના કે પ્રાણના કોઈ ભાગને મુક્ત કરવામાં સફળતા મેળવી શકો તો એને લીધે બારણામાં એક કાણું પડે છે, અને એ ચાવી માટેનું કાણું હોય છે. એ કાણામાંથી તમને થોડુંક, જરા જેટલું દર્શન મળે છે. અને એટલું દર્શન પણ અત્યંત આકર્ષક, અત્યંત રસમય હોય છે.

—'દક્ષિણા'માંથી

ભગવાન મહાવીરના અગ્યાર ગણધર

૧ ઈન્દ્રભૂતિ (ગૌતમસ્વામી)
૨ અગ્નિભૂતિ
૩ વાયુભૂતિ
૪ વ્યક્ત
૫ સુધર્મ
૬ મણ્ડિત
૭ મૌર્યપુત્ર
૮ અકંપિત
૯ અચલભ્રાતા
૧૦ મેતાર્ય
૧૧ પ્રભાસ

ગુજરાત રાજ્યમાં 'ગોવધ પર સંપૂર્ણ પ્રતિબંધ'નો ઠરાવ સર્વાનુમતે પસાર કરવા બદલ ગુજરાત વિધાન સભા અને ગુજરાત સરકારને અભિનંદન ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિષ્ઠાવાન સાથી

કાકા કાલેલકર

શરીર, મન અને આત્મા ત્રણેમાં સ્પષ્ટ ભેદ અને ફરક છે છતાં પણ ત્રણેમાં મતભેદ છે. અનુબન્ધ તો છે જ.

મનુષ્ય કોઈ પણ સાધના કરે છે ત્યારે એને સાધનાનું સ્વરૂપ નક્કી કરતાં, શરીર, મન અને આત્મા ત્રણેને અલગ કરી, ત્રણેનું યથાર્થ સ્વરૂપ સમજવું પડે છે. પણ સાધનાનું સ્વરૂપ અને ક્રમ નક્કી થયા પછી, ત્રણેને સાથે લઈને જ સાધના ચલાવવાની હોય છે.

ચિંતનમાં વિશ્લેષણ અને અનુશીલનમાં સમન્વય અથવા સંશ્લેષણ આ નિયમ હોઈ શકે છે.

આ ત્રણેમાં આત્મા તટસ્થ છે. આમ જોઈએ તો શરીર કોઈક પતિવ્રતા સ્ત્રીની જેમ નિષ્ઠાવાન જ રહે છે. બાકીનાં બધાં નખરાં તો મનનાં હોય છે. મન શબ્દનો ઉપયોગ અહીં વ્યાપક અર્થમાં કરવામાં આવ્યો છે. એમાં અહંકાર, બુદ્ધિ, વાસના બધું જ આવી જાય છે. 'ચિત્તમ્ એવમ્ હી સંસાર' એ ન્યાયે ચિત્તમાં જ બધું આવી જવું જોઈએ.

શરીરને નિર્વિકારી બનાવવાનું શકય છે

પણ આજે અહીં માત્ર શરીરના વિષયમાં થોડું ચિંતન કરવું છે. શરીરની પેદાશ જ વાસનાઓમાંથી છે. મા–બાપનું મન અને શરીર વિકારી ન હોય તો બાળકના શરીરનો સંભવ ન રહે. એ મા–બાપોના શરીર પણ એમના મા–બાપના વિકારોને કારણે જ જન્મ્યાં હોય છે. આ પ્રમાણે વિકારની પરંપરા દ્વારા જ જે શરીર રૂપી સાધનનો જન્મ થયો તે શરીર જો કોઈ સ્થિતિમાં વિકારી બને તો શું આશ્ચર્ય? પણ શરીર તો આત્માનું નિવાસસ્થાન છે. આથી આત્માના સ્વભાવથી અને આત્માની દૃઢ સાધનાથી શરીરને ઘણી હદ સુધી નિર્વિકારી બનાવવાનું શકય છે અને નિર્વિકારી સ્થિતિ પ્રાપ્ત થતાં આત્માની કૃપાથી એ સ્થિતિમાં દૃઢ રહેવાનું પણ શકય છે. એને જ આપણે પરમાત્માની પરમશક્તિ અને પરમકૃપા માનીએ છીએ.

આ બિચારું શરીર ગ્રામોફોનની રેકર્ડની જેમ બધી રીતના વિકારો ને વાસનાઓને, વિચારો અને સંકલ્પોને સંભાળીને રાખે છે અને મન જ્યારે શરીરના સાથની અપેક્ષા રાખે છે ત્યારે શરીર પૂરી નિષ્ઠાથી સાથ પણ આપે છે. એવું કરતાં શરીરને જેટલું પણ સહન કરવું પડે, ભોગવવું પડે, ખોવું પડે અને અંતમાં પોતાનું બલિદાન દેવું પડે તો શરીર તે આપી જ દે છે. શરીરની આ નિષ્ઠા અને આ વફાદારી સાચેસાચ અદ્ભૂત છે.

શરીરનો સ્વભાવ

પણ ઘણા લોકો અને ઘણા સાધકો પણ એક વાત તો ભૂલી જાય છે કે શરીર સ્વયં શુભ છે, શુભ પ્રવૃત્ત છે અને એનું ચાલે છે ત્યારે આત્માને અનુકૂળ એવી મંગલતા તરફ, આરોગ્ય તરફ અને દીર્ઘાયુષ્ય તરફ એની સતત પ્રવૃત્તિ થતી જ રહે છે.

મન અને એની વાસનાઓ જ્યારે સેવા માગે છે ત્યારે તો શરીર અનન્ય નિષ્ઠાથી પોતાને અર્પણ કરી જ દે છે. પણ જ્યારે જ્યારે વાસનાઓ, મનોવિકાર અને ચિત્તના આંદોલનો થાકી જાય છે અથવા વિશ્રામ કરે છે કે સૂઈ જાય છે ત્યારે શરીરને થોડો ઘણો અવકાશ મળે છે, ને ત્યારે શરીર પોતાની તરફથી મરામતનું કામ તરત હાથમાં ધરે છે. તૂટેલા તાર સાંધી લેવા, અનુતાપ–પશ્ચાત્તાપના સંસ્કારોને સંભાળી લેવા અને સત્પ્રવૃત્તિ માટે અનુકૂળ બનીને રહેવું તે શરીરનો સ્વભાવ જ છે.

ઉપાય શોધવો જોઈએ

મારા બાળપણની વાત છે; મારા એક મોટા ભાઈનો સ્વભાવ એવો હતો કે એમનાથી કોઈ ભૂલ થાય અને પિતાજી વઢવા આવે તો તરત પોતાનો બધો અપરાધ બીજાના માથા પર નાખી સાફ કહી દેતા કે આ ગુનો મેં કર્યો જ નથી. એ તો બીજા ભાઈની ભૂલ છે. મારા ભાઈ જ્યારે જ્યારે પોતાના સ્વભાવ પ્રમાણે ભૂલનો ભાર મારી પર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાખી દેતા ત્યારે મેં નિયમ જ કરેલો કે એનો સ્વીકાર કરી લેવો. મારે મન બંધુપ્રેમ અને બંધુ-નિશાની એ એક મોટી નિશાની હતી.

મન, એની વાસનાઓ અને એના વિકાર જ્યારે કોઇ નુકસાન કરે છે ને પરિણામે મનુષ્યનું પતન થાય છે ત્યારે મન મોટાભાઇ થઇને ઝટ બોલી ઊઠે છે કે એ તો શરીરની ભૂલ છે અને અનુતાપની મદદ લઇને જ મન પોતાને પશ્ચાત્તાપ–પુનીત સમજી શરીરને જ દંડ આપે છે, કાં અપાવડાવે છે અને શરીર જરા પણ ફરિયાદ કર્યા વિના એ દંડનો સ્વીકાર કરે છે. વિકારનો અનુભવ કરતાં, શરીર જે નિષ્ઠાથી મનનો સાથ આપે છે, એવી જ રીતે, મનના પશ્ચાત્તાપની વેળાએ પ્રાયશ્ચિત ભોગવવામાં પણ પોતાનો સાથ આપે છે. એની અસર એ થાય છે કે શરીરને નાહકનું સહન તો કરવું પડે છે પણ ક્યારેક ક્યારેક એને નાહકનું ઘણું બધું નુકસાન પણ થાય છે અને મન એવું ને એવું આળસુ રહી જવાની સંભાવના પણ રહે છે. ક્યારેક ક્યારેક આવા શારીરિક પ્રાયશ્ચિતની મન પર સારી માઠી અસર થઈ જ જાય છે. આથી શારીરિક પ્રાયશ્ચિતનો નિષેધ થઈ શકતો નથી. પણ ઘણું ખરું તો શરીરને વધારે નુકશાન થાય છે અને મન ઉપર એની જેટલી અસર થવી જોઈએ તે થતી નથી. આનો ઉપાય શોધવો જોઈએ. મન પર અસર થાય તેવા તમામ માર્ગો શોધવા જોઇએ.

('જનસંદેશ'માંથી સાભાર ઉધ્ધૃત)

સમાચાર સાર

આચાર્ય પદવી મહોત્સવ. અમદાવાદ

અમદાવાદ સદર બજાર કેમ્પમાં પંજાબકેસરી સ્વ. જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિશ્વરજી મ. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય ઉમંગસૂરિશ્વરજી મ. ના વરદ્ હસ્તે ફાગણ વદ ૭ તા. ૯–૩–૬૧ના રોજ મહેન્દ્ર પંચાંગના કર્તા પન્યાસજી શ્રી વિકાશવિજય મ.-ને આચાર્ય પદવી અને પન્યાસજી શ્રી ઉદય-વિજયજી મ. ને ઉપાધ્યાય પદવી આપવામાં આવી હતી.

તે પ્રસંગે ઘણા સ્થળેથી પદવીની સફળતા ઇચ્છતા સંદેશાઓ આવ્યા હતા. સાધુ સાધ્વીની પણ સારી હાજરી હતી. મુંબઈ આત્માનંદ સભાના મંત્રી શ્રી જગજીવનદાસ શીવલાલ શાહ તથા શ્રી રસીકલાલ કોરા પણ હાજર હતા. તે વખતે પ્રસંગોચિત વક્તવ્ય બાદ પૂ. આ. શ્રી ઉમંગસૂરિશ્વરજી મહારાજે સૂરિમંત્રની વાંચના આપ્યા બાદ નૂતન આચાર્યનું નામ વિકાશચંદ્રસૂરિશ્વરજી તથા ઉપાધ્યાયનું નામ શ્રી ઉદયરત્નવિજયજી જાહેર કર્યું હતું.

સ્વીકાર અને સમાલોચના

(૧) અનુભવવાણીઃ (ગાંધી પ્રાણજીવન હરગોવિંદદાસના લેખોનો સંગ્રહ)

પ્રકાશક મનસુખલાલ હેમચંદ સંઘવી c/o ન્યુ એસોસીએટેડ કોમર્શીઅલ એન્ટરપ્રાઇઝ પ્રા. લિ. ખંડેલવાલ ભુવન, હોર્નબી રોડ, મુંબઈ. ૧ મૂલ્ય બે રૂપીઆ.

પ્રકાશકના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેમના (લેખકના) જ્ઞાન, બુદ્ધિ અને સહૃદયતાથી પ્રેરાઇને " તેમના લેખો દરેક વર્ગને માર્ગદર્શક અને પ્રેરણા અવશ્ય થશે " પ્રકાશકનો આહેતુ બરાબર જ છે. લેખક પોતે જીવનના વિવિધ ક્ષેત્રોનો બહોળો અનુભવ ધરાવે છે અને તે અનુભવ ઉપર વિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિશીલન કરી તેમણે જીવનના અનેક ક્ષેત્રોમાં માર્ગદર્શક થાય તે રીતે આ લેખો લખેલ છે. આ પુસ્તકમાં આવેલ લેખો જીવનના અનેક ક્ષેત્રોને સ્પર્શે છે, એટલું જ નહિ પણ તેમાં જીવનમાં ખરેખર ઉપયોગી થાય તે રીતે વ્યવહારૂ માર્ગદર્શન પણ આપેલું છે.

તેમાનાં સામાજિક લેખો ખરેખર સામાજિક સંસ્થાઓએ અને સામાજિક કાર્યકર્તાઓએ વિચારવા જેવા છે, તેમને એ અનેક રીતે ઉપયોગી થઈ શકે તેવા છે.

વ્યાવહારિક વિભાગના લેખો પણ આજની વિષમ પરિસ્થિતિમાં જરૂર પ્રેરણાદાયી અને માર્ગદર્શક બને તેવા છે. તેમજ આર્થિક–વ્યાપારી–આરોગ્ય–સાંસ્કારિક વિભાગો વિવિધ રીતે ઉપયોગી નીવડે તેવા લેખોથી પૂર્ણ છે. એક વિદ્વાન અને અનુભવી લેખકના લેખો પ્રકાશિત કરવા માટે પ્રકાશકને અભિનંદન.

(૨) અધ્યાત્મગીતા–અનુવાદ:– રચયિતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી. પ્રકાશક શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ. ૩૪૭, કાલબાદેવી રોડ મુંબઇ નં. ૨. મૂલ્ય રૂા. ૧–૪–૦

આ મૂળ ગ્રન્થની રચના સ્વ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીએ સરળ સંસ્કૃતભાષામાં કરી છે. તેનું ભાષાન્તર પૂ. આ. શ્રી ઋદ્ધિસાગરસૂરિજીએ કરેલું છે. તેમાં અધ્યાત્મ જ્ઞાનની સમજણ આ પુસ્તકમાં આપવામાં આવી છે. આ ગ્રન્થ વાચકોએ મનન કરવા લાયક છે.

(૩) હીરક–સાહિત્ય વિહાર : સંયોજક અને પ્રકાશક શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા. મૂલ્ય એક રૂપિયો.

આ પુસ્તકમાં લેખકશ્રીએ રચેલા સાહિત્યની ગ્રન્થો તેમજ લેખોની –સૂચી વિભાગવાર આપવામાં આવી છે. તેમના લેખોના અભ્યાસીને અને તેનો સંદર્ભ તરીકે ઉપયોગ કરનારને આ પુસ્તિકા ઉપયોગી નીવડે તેવી છે.

(૪) નર્મદ સંસ્કૃત–ગુજરાતી શબ્દકોષ :— સંપાદક : શાસ્ત્રી નર્મદાશંકર જ. રાવળ; સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ, રાષ્ટ્રભાષારત્ન, S. T. C. ડે–જુવાનસિંહજી સંસ્કૃત પાઠશાળા, ભાવનગર. મૂલ્ય એક રૂપિયો.

વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એ રીતે શબ્દો અને ધાતુઓ આપીને કોષને વિદ્યાર્થી–ઉપયોગી બનાવવામાં આવ્યો છે. સંપાદક પોતે સંસ્કૃતના શિક્ષક અને અભ્યાસી છે તેથી ઉપયોગી બને તે કાળજીથી તે તૈયાર કરેલ છે. વિદ્યાર્થીઓએ તે વસાવવા લાયક છે.

(૫) મોહન–સંજીવની :— લેખક શ્રીમાન રૂપચંદજી ભણસાલી. પ્રકાશક : શાહ ઝવેરભાઈ કેસરીભાઈ ઝવેરી કાર્યવાહક, શ્રી જિનદત્તસૂરી જ્ઞાન ભંડાર–પાયધુની, મુંબઈ. મૂલ્ય વાંચનમનન.

ખરતરગચ્છના શ્રી મોહનલાલજીનું જીવન ચરિત્ર ગુજરાતીમાં છપાયેલું છે. તેનો હિન્દી અનુવાદ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. તેમાં શ્રી મોહનલાલજી મહારાજનો જીવન પરિચય આપવામાં આવેલ છે.

(૬) શાકાહાર કે માંસાહાર :— લેખક : પ્રો. ધનશ્યામ જોષી, એમ. એ. સાહિત્યાચાર્ય પ્રકાશક : શ્રી જૈન સાહિત્ય સભા; નલાવાલા બિલ્ડીંગ, લુહાર ચાલ; મુંબઈ નં. ૨. કિંમત માંસાહારી ભાઈ બહેનોને ભેટ. અન્ય માટે રૂા. ૨–૦૦

પ્રાક્કથનમાં જણાવ્યા મુજબ માંસાહારી ભાઈ બહેનો માંસાહારનો ત્યાગ કરે એવો એક આશય આ પુસ્તક પ્રસિદ્ધ કરવા પાછળ રહેલો છે. અને વિદ્વાન લેખકશ્રીએ આ પ્રશ્નની વિવિધ પાસાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લક્ષમાં લઈ ચર્ચા કરી છે અને પોતાના અભિપ્રાયના સમર્થનમાં અનેક પાશ્ચિમાત્ય વિદ્વાનોના અભિપ્રાયો ટાંક્યા છે. 'માંસાહાર' નુકસાનકારક જ છે એવું પ્રતિપાદન કરવામાં અને વાંચકોને ઠસાવવામાં લેખકનો શ્રમ સફળ થયો ગણી શકાય. આ પુસ્તકનો આશય ફળીભૂત થાય એમ અમે શુભેચ્છા દર્શાવીએ છીએ.

(૭) **શ્રી શાન્તિજિનમહિમ્નઃસ્તોત્ર** :—સંપાદક : મુનિશ્રી સૂર્યોદયવિજયજી. મૂલ્ય ૦–૭૫ ન. પૈ.

આ સ્તોત્રની રચના શ્રી શિવમહિમ્ન સ્તોત્રના દરેક શ્લોકનું અંતિમ ચરણ લઈને પાદપૂર્તિ કરીને કરવામાં આવી છે. પ્રાક્કથનમાં તેના લેખક શ્રી ઈન્દ્રનન્દિસૂરિ વિષે ઐતિહાસિક માહિતી આપી છે. આ સ્તોત્ર સાથે શ્રી શુભંકરવિજયજી ગણિએ રચેલ વ્યાખ્યા આપી છે તેથી સ્તોત્ર સમજવામાં સુગમતા થશે.

(૮) **આત્મજ્યોતિ** :—પ્રકાશક ઊંઝા ફાર્મસી ઊંઝા. મૂલ્ય રૂા. ૧). આ પુસ્તિકામાં શ્રીમદ્-રાજચંદ્રજીના લેખો આપવામાં આવ્યા છે. તે ઉપરાંત આધિ-વ્યાધિના પ્રસંગે વ્યાકુળ ન થવા અંગે તેમજ સગા–સંબંધીઓના વિયોગના પ્રસંગે આશ્વાસન આપે તેવા પત્રોનો ઉમેરો કરી પુસ્તકની ઉપયોગીતામાં વધારો કર્યો છે.

(૯) **શ્રી ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો** : વ્યાખ્યાતા પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરિશ્વરજી. મૂલ્ય રૂા. ૩

મૂળસૂત્રના રચયિતા ગણધર ભગવાન સુધર્માસ્વામી છે અને ટીકાકાર પૂ. આ. શ્રી અભયદેવસૂરિશ્વરજી છે. આ સૂત્ર-ગ્રન્થ ઘણો પ્રાચીન છે. તેથી આ સૂત્રોની ઉપયોગીતા વધારે છે તેમાં વિદ્વાન વ્યાખ્યાનકાર સૂરિજીની સરળ શૈલી સૂત્રોના ભાવને સમજાવવામાં ઘણી ઉપયોગી બની છે. તેમાં આવતા બોધક પ્રસંગો વગેરેને ભગવતીજીસૂત્રના આ વ્યાખ્યાનો ખરેખર ઉપયોગી બન્યા છે.

પુસ્તકનું ગેટઅપ, બાઈન્ડીંગ વગેરે પણ ઘણા સારા છે તે છતાં ૫૫૬ પાનાના આ ગ્રન્થની કિંમત માત્ર ત્રણ રૂપીઆ રાખી છે તેથી પુસ્તક સારો પ્રચાર પામશે.

(૧૦) **રત્નપ્રભા** : મૂળ સંસ્કૃતમાં રચયિતા શ્રી લબ્ધિમુનિજી અનુવાદક પં. શ્રી બુદ્ધિસાગરજી ગણી. મુનિ શ્રી લબ્ધિમુનિજીએ સંસ્કૃતમાં શ્રી રત્નસૂરિજીનું જીવન લખ્યું છે તેનો આ અનુવાદ કરવામાં આવ્યો છે. તેમાં શ્રી રત્નસૂરિજીનો જીવન પરિચય કરાવ્યો છે પુસ્તકની ભાષા સરળ અને રોચક છે.

(૧૧) **અમરસાધના** : રચયિતા શ્રી અમરચંદ માવજી શાહ જીવનમાં ઉન્નતિ કરવા માટે, ઊંચુ સ્થાન કે પદ મેળવવા માટે સાધકને પોતાની સાધનામાં ઉપયોગી થાય તેવાં લેખકશ્રીના અનુભવ વિચાર–મનન પછી રચાયેલા પદો આ પુસ્તિકામાં આપવામાં આવેલ છે. તેના ઉપર વારંવાર મનન કરવા જેવું છે. તે જરૂર સાધકને ઊંચે લાવે એવા પદો છે.

સંસ્કાર લક્ષ્મી : સ્ત્રીઓનું અઠવાડિક : સુરતથી શ્રી સુમતિબેન માલવીએ આ અઠવાડિક શરૂ કર્યું છે. તેનો પહેલો અંક અમને મળ્યો. આ અંકની લેખ સામગ્રી, સુશોભન ચિત્રો વગેરે તેમજ તેની કે શરૂઆતને પ્રસંગે મળેલા સંદેશાઓ જોતા જણાય છે આ અઠવાડિક જરૂર પ્રગતિ કરશે, તેમાં લેખસામગ્રી સારી વિવિધતા છે. લેખોના પ્રકારમાં પણ વિવિધતા છે તેથી વિવિધ રુચિવાળા વાચકવર્ગમાં તે જરૂર પ્રિય થઈ પડે તેવું છે. બહેનોને ઉપયોગી અનેક લેખો જુદા જુદા વિષયો અંગે સારી માહિતી રજુ કરે છે અમે આ અઠવાડિકને સફળતા ઈચ્છીએ છીએ.

——o——

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. 431

મહાવીર વચનામૃત

सव्वे जीवा वि इच्छंति, जाविउं न मरिज्जिउं ।
तम्हा पाणवहं घोरं निग्गंथा वज्जयंति णं ॥

दशवैकालिक ६-११

સર્વે જીવો જીવવા ઇચ્છે છે, કોઇ મરવા ઇચ્છતું નથી. તેથી જ નિર્ગ્રન્થ મુનિ ભયંકર પ્રાણીવધનો ત્યાગ કરે છે.

अप्पणट्ठा परट्ठा वा कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया नो वि अन्नं वयावए ॥

दशवैकालिक ६-१२

આપણે માટે કે બીજાને માટે ક્રોધથી કે ભયથી બીજાને હિંસા પહોંચે તેવું અસત્ય વચન બોલવું ન જોઈએ કે બીજા પાસે બોલાવવું ન જોઈએ.

न सो परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा ॥

दश वैकालिक ६-२१

સંરક્ષક જ્ઞાતપુત્ર મહાવીરે વસ્ત્રાદિ પદાર્થોને પરિગ્રહ કહ્યા નથી. વાસ્તવિક પરિગ્રહ તો મૂર્છા છે એમ મહર્ષિએ કહ્યું છે.

उवसमेण हणे कोहं माणं मद्दवया जिणे ।
माया मज्जवे भावेण लोभं संतोसओ जिणे ॥

दशवैकालिक ८-३९

શાંતિવડે ક્રોધને જીતવો જોઈએ, નમ્રતાવડે અભિમાનને જીતવું જોઈએ, સરળતાવડે માયાને જીતવી જોઇએ અને સંતોષથી લોભને જીતવો જોઇએ.

પ્રકાશકઃ ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only